dailyhunt સંજોગ ન્યૂઝ

અમરેલી નું સુપ્રસિદ્ધ દૈનિક સંજોગ ન્યૂઝ હવે Dailyhunt પર...
અમરેલી ગુજરાત સહિત દેશ વિદેશ, રમતગમત તમામ સમાચાર
વાંચવા માટે Dailyhunt પર સંજોગ ન્યૂઝને ફોલો કરો.

https://dhunt.in/RbYBS

# સંજોગ ન્યૂઝ

SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2024-26

Year - 7 | Issue - 338 | AD - 2024, Bhadarva Sud - 09 | Thursday, Dt.12-09-2024 | Editor : Vasant Movliya : Phone : (02792) 225225 | E-mail : sanjognews@gmail.com | Page-08 Price : Rs.3-00

### ઉત્તર પ્રદેશના ગ્રેટર નોઈડામાં ઈન્ડિયા એક્સ્પો માર્ટ ખાતે સેમિકોન ઈન્ડિયા ૨૦૨૪ કોન્ફરન્સનું ઉદ્‌ઘાટન કરાયું

## આવનારો સમય સેમિકન્ડક્ટર ઉદ્યોગનો હશે : પ્રધાનમંત્રી મોદી

**કેન્દ્રીય મંત્રી અશ્વની વૈષ્ણવે પીએમ મોદીને મેક ઈન ઈન્ડિયાનું ચિહ્ન અર્પણ કર્યું**

(એ.આર.એલ),લખનૌ,તા.૧૧

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે ઉત્તર પ્રદેશના ગ્રેટર નોઈડામાં ઈન્ડિયા એક્સ્પો માર્ટ ખાતે સેમિકોન ઈન્ડિયા ૨૦૨૪ કોન્ફરન્સનું ઉદ્‌ઘાટન કર્યું. આ પ્રસંગે પીએમ મોદીએ કહ્યું કે ભારતમાં રોકાણ કરવાનો આ શ્રેષ્ઠ સમય છે. ભારત સેમિકન્ડક્ટરના ક્ષેત્રમાં વૈશ્વિક ખેલાડી બનવાનું સપનું જોઈ રહ્યું છે. પીએમ મોદી ભારતના આ સપનાને સાકાર કરવા માટે તમામ પ્રયાસ કરી રહ્યા છે. પીએમ મોદીએ કહ્યું કે આવનારો સમય સેમિકન્ડક્ટર ઉદ્યોગનો હશે અને તેમાં ભારતની ભૂમિકા સમગ્ર વિશ્વમાં ખૂબ જ ખાસ હશે.

સેમિકોન ઈન્ડિયા ઈવેન્ટમાં બોલતા પીએમ મોદીએ કહ્યું, "ભારત વિશ્વનો ૮મો દેશ છે જ્યાં વૈશ્વિક સેમિકન્ડક્ટર સંબંધિત આ ભવ્ય ઈવેન્ટનું આયોજન કરવામાં આવી રહ્યું છે અને હું કહી શકું છું કે ભારતમાં રહેવાનો આ યોગ્ય સમય છે. તમે અહીં છો. યોગ્ય સમયે યોગ્ય સ્થાન." પરંતુ... આજે ભારત વિશ્વને વિશ્વાસ આપે છે." તમે ભારતીય ડિઝાઈનરોની પ્રતિભા સારી રીતે જાણો છો. ડિઝાઈનર્સની દુનિયામાં ભારત ૨૦% પ્રતિભાનું યોગદાન આપે છે. તે સતત વિસ્તરી રહ્યું છે. અમે ૮૫ હજાર ટેકનિશિયન, એન્જિનિયરો અને આર એન્ડ ડી નિષ્ણાતોની સેમિકન્ડક્ટર



વર્કફોર્સ તૈયાર કરી રહ્યા છીએ. ભારતનું ધ્યાન તેના વિદ્યાર્થીઓ અને વ્યવસાયિકોને સેમિકન્ડક્ટર ઉદ્યોગ માટે તૈયાર કરવા પર છે.

પીએમએ કહ્યું કે આજનો યુગ સિલિકોન ડિપ્લોમસીનો યુગ છે. આ વર્ષે, તેઓ ઈન્ડો પેસિફિક ફ્રેમવર્કની સપ્લાય ચેઈન કાઉન્સિલના ઉપપ્રમુખ તરીકે ચૂંટાયા હતા. તાજેતરમાં અમે જાપાન અને સિંગાપોર સહિત ઘણા દેશો સાથે કરારો કર્યા છે. અમેરિકા સાથે સહયોગ પણ સતત વધી રહ્યો છે. કેટલાક લોકો સવાલ ઉઠાવે છે કે ભારત આના પર કેમ ધ્યાન આપી રહ્યું છે. આવા લોકોએ ડિજિટલ ઈન્ડિયા મિશનનો અભ્યાસ કરવો જોઈએ. તેનો ઉદ્દેશ પારદર્શક, અસરકારક અને લીક-પ્રૂફ ફ્રેમવર્ક પ્રદાન કરવાનો હતો. એક તાજેતરનો અહેવાલ એવો આવ્યો છે કે ભારત 5G હેન્ડસેટનું સૌથી મોટું બજાર બની ગયું છે. રોલ આઉટ માત્ર બે વર્ષ પહેલા જ શરૂ થયો હતો.

પીએમ મોદીએ કહ્યું કે અમે સેમિકન્ડક્ટર સંબંધિત ઈન્ફ્રાસ્ટ્રક્ચર પર પણ ધ્યાન આપી રહ્યા છીએ. તે ત્રિ-પરિમાણીય છે. આમાં સુધારાવાદી સરકાર, વિકસતો મેન્યુફેક્ચરિંગ બેઝ, ત્રીજું ઊભરતું બજાર, ટેક્નોલોજીનો સ્વાદ ધરાવતા બજારનો સમાવેશ થાય છે. 3D પાવર એક બાસ કે જે ગમે ત્યાં શોધવા મુશ્કેલ છે. ભારત માટે, ચિપનો અર્થ માત્ર ટેક્નોલોજી નથી. કરોડો અપેક્ષાઓ પૂરી કરવાનું આ માધ્યમ છે. આજે ભારત ચિપ્સનો મોટો ઉપભોક્તા છે. આ ચિપ પર અમે વિશ્વનું શ્રેષ્ઠ ડિજિટલ પબ્લિક ઈન્ફ્રાસ્ટ્રક્ચર બનાવ્યું છે. જ્યારે કોરોના રોગચાળા દરમિયાન વિશ્વની મજબૂત બેંકિંગ સિસ્ટમ્સ પણ પડી ભાંગી ત્યારે ભારતની બેંકિંગ સિસ્ટમે શાનદાર કામ કર્યું હતું.

પીએમ મોદીએ ઈન્ડિયા એક્સ્પો માર્ટ ખાતે સેમિકોન ઈન્ડિયા ૨૦૨૪નું ઉદ્‌ઘાટન કર્યું. કેન્દ્રીય મંત્રી અશ્વની વૈષ્ણવે પીએમ મોદીને મેક ઈન ઈન્ડિયાનું ચિહ્ન અર્પણ કર્યું.

## સીઝફાયરનું ઉલ્લંઘન : પાકિસ્તાની સૈનિકોએ ફાયરિંગ કરતા ભારતનું જવાબી ફાયરિંગ

**ફાયરિંગમાં બીએસએફનો જવાન ઘાયલ થયો**

જમ્મુ,તા.૧૧

તા. ૧૦-૧૧ સપ્ટેમ્બરની મધ્યરાત્રિએ ૨:૩૫ વાગ્યે પાકિસ્તાની સૈનિકોએ જમ્મુ અને કાશ્મીરના અખનૂરમાં સરહદ પર યુદ્ધવિરામનું ઉલ્લંઘન કર્યું. જવાબમાં બીએસએફના જવાનોએ પણ ગોળીબાર કર્યો હતો. આ ફાયરિંગમાં બીએસએફનો એક જવાન ઘાયલ થયો છે. બીએસએફના પ્રવક્તાએ



કહ્યું કે જવાબી કાર્યવાહીમાં પાકિસ્તાનને કેટલું નુકસાન થયું તે હજુ જાણી શકાયું નથી. આ ઘટના બાદ બીએસએફના જવાનો સરહદ પર કડક ચાંપતી નજર રાખી રહ્યા છે. જમ્મુ અને કાશ્મીરમાં ૧૮ સપ્ટેમ્બરે યોજાનાર પ્રથમ તબક્કાના મતદાનના ૭ દિવસ પહેલા સીઝફાયરનું ઉલ્લંઘન થયું છે. જેના કારણે બીએસએફના જવાનોને હાઈ એલર્ટ પર રાખવામાં આવ્યા છે. ભારત અને પાકિસ્તાન વચ્ચે ૨૫ ફેબ્રુઆરી ૨૦૨૧ના રોજ યુદ્ધવિરામ કરારનું નવીકરણ કરવામાં આવ્યું હતું. આ પછી પાકિસ્તાને ૪ વખત તેનું ઉલ્લંઘન કર્યું છે. છેલ્લું ફાયરિંગ ૧૪ ફેબ્રુઆરી ૨૦૨૪ના રોજ જમ્મુના મકવાલમાં થયું હતું. જોકે, કોઈને ઈજા થઈ ન હતી. ૧૪ ફેબ્રુઆરીએ સાંજે ૫.૫૦ કલાકે પાકિસ્તાની રેન્જર્સે જમ્મુના મકવાલમાં બીએસએફની ચોકી પર ગોળીબાર કર્યો હતો. BSFએ પણ આ ફાયરિંગનો જવાબ આપ્યો હતો.

બીએસએફ અધિકારીઓના જણાવ્યા અનુસાર, લગભગ ૨૦ મિનિટ સુધી બંને તરફથી ગોળીબાર થયો હતો. જો કે આ ગોળીબારમાં બીએસએફનો કોઈ જવાન ઘાયલ થયો નથી.

## દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલની ન્યાયિક કસ્ટડી ૨૫ સપ્ટે.સુધી લંબાવાઈ

**વીડિયો કોન્ફરન્સિંગ દ્વારા કોર્ટમાં રજૂ કરવામાં આવ્યા હતા**

દિલ્હી,તા.૧૧

ભ્રષ્ટાચાર સંબંધિત લિકર પોલિસી કેસમાં સીએમ અરવિંદ કેજરીવાલની ન્યાયિક કસ્ટડી ૨૫ સપ્ટેમ્બર સુધી લંબાવવામાં આવી છે. તેમને વીડિયો કોન્ફરન્સિંગ દ્વારા દિલ્હીની રાઉઝ એવન્યુ કોર્ટમાં રજૂ કરવામાં આવ્યા હતા. આ જ કેસમાં કોર્ટે આરોપી



અને AAP ધારાસભ્ય દુર્ગેશ પાઠકને ૧ લાખ રૂપિયાના જામીન આપ્યા છે. પૂરક ચાર્જશીટ દાખલ થયા બાદ સીબીઆઈના સમન્સ પર તે કોર્ટમાં હાજર થયો હતો. વાસ્તવમાં સીબીઆઈએ કેજરીવાલ, દુર્ગેશ પાઠક, વિનોદ ચૌહાણ, આશિષ માથુર, સરથ રેડ્ડી વિરુદ્ધ રાઉઝ એવન્યુ કોર્ટમાં પૂરક ચાર્જશીટ રજૂ કરી હતી. ૩ સપ્ટેમ્બરના રોજ કોર્ટે ચાર્જશીટનું સંજ્ઞાન લીધું હતું. કોર્ટે તમામ આરોપીઓને આજે એટલે કે ૧૧મી સપ્ટેમ્બર સુધીમાં કોર્ટમાં હાજર થવા અને જવાબ દાખલ કરવા જણાવ્યું હતું.

આરોપીઓના જવાબ દાખલ કર્યા બાદ કોર્ટે કેજરીવાલ સિવાય તમામને જામીન આપી દીધા છે. કેજરીવાલે સીબીઆઈ કેસમાં ધરપકડ સામે સુપ્રીમ કોર્ટમાં અરજી પણ કરી છે. તા.૫ સપ્ટેમ્બરે આ કેસમાં સુનાવણી બાદ નિર્ણય સુરક્ષિત રાખવામાં આવ્યો છે. તે જ સમયે, કેજરીવાલને ED કેસમાં સુપ્રીમ કોર્ટમાંથી જામીન મળી ગયા છે.

### પટનાના ગાંધી મેદાનમાં પીએમ મોદીની રેલીમાં બોમ્બ બ્લાસ્ટ થયો હતો

## પ્રધાનમંત્રીની રેલીમાં બ્લાસ્ટ કરનારા ૪ આરોપીની ફાંસીની સજા આજીવન કેદમાં તબદીલ

**બિહારના સીએમ નીતિશ કુમારે તત્કાલિન ગૃહમંત્રી સુશીલ કુમાર શિંદે પાસે NIA તપાસની માંગ કરી હતી**

(એ.આર.એલ),પટણા,તા.૧૧

પટનાના ગાંધી મેદાનમાં પીએમ મોદીની રેલીમાં બોમ્બ બ્લાસ્ટ કરનારા ચાર આરોપીઓને હવે ફાંસી આપવામાં આવશે નહીં. તેની સજાને આજીવન કેદમાં ફેરવી દેવામાં આવી છે. પટના હાઈકોર્ટે આ મામલે મોટો નિર્ણય સંભળાવ્યો છે. હાઈકોર્ટે ચાર આરોપીઓની ફાંસીની સજાને આજીવન કેદમાં ફેરવી છે. જો કે આજીવન કેદની સજા પામેલા બે આરોપીઓની સજા યથાવત રહેશે. ગાંધી મેદાન બોમ્બ બ્લાસ્ટ કેસમાં સિવિલ કોર્ટે ફાંસીની સજા સંભળાવતા ચાર આરોપીઓની ફાંસીની સજાને હાઈકોર્ટે આજીવન કેદમાં ફેરવી છે. હૈદર અલી, મોજીબુલ્લાહ, નોમાન અને ઈમ્તિયાઝને મૃત્યુદંડની સજા ફટકારવામાં આવી હતી. હવે પટના હાઈકોર્ટે આ ચારેયની ફાંસીની સજાને આજીવન કેદમાં ફેરવી દીધી છે. જ્યારે ઓમર




અને અઝહરુદ્દીનની આજીવન કેદ યથાવત રાખવામાં આવી છે. હાઈકોર્ટના નિર્ણય અંગે માહિતી આપતા પીડિતાના વકીલ ઈમરાન ગનીએ જણાવ્યું હતું કે ફાંસીની સજાને આજીવન કેદમાં પરિવર્તિત કરવામાં આવી છે, જ્યારે આજીવન કેદની સજા પામેલા બે આરોપીઓની સજા યથાવત રાખવામાં આવી છે.

૨૭ ઓક્ટોબર ૨૦૧૩ના રોજ પીએમ મોદી હુંકાર રેલીને સંબોધવા માટે પટનાના ગાંધી મેદાન પહોંચ્યા હતા. તે દરમિયાન પહેલો બ્લાસ્ટ પટના જંક્શનના પ્લેટફોર્મ નંબર ૧૦ પર સ્થિત સુલભ ટોયલેટ પાસે થયો હતો. આ પછી ગાંધી મેદાન અને તેની આસપાસ છ સ્થળોએ બોમ્બ વિસ્ફોટ થયા હતા. આ વિસ્ફોટોમાં ૬ લોકોના મોત થયા હતા અને ૮૯ લોકો ઘાયલ થયા હતા. આ મામલે બિહારના સીએમ નીતિશ કુમારે તત્કાલિન ગૃહમંત્રી સુશીલ કુમાર શિંદે પાસે NIA તપાસની માંગ કરી હતી.

પટના હાઈકોર્ટે હવે તેની ફાંસીની સજાને આજીવન કેદમાં ફેરવી દીધી છે.







## સિમલામાં મસ્જિદના ગેરકાયદે બાંધકામ સામે હિન્દુ સંગઠનનો વિરોધ



સિમલા,તા.૧૧

હિમાચલ પ્રદેશની રાજધાની સિમલામાં હિન્દુ સંગઠન દેવભૂમિએ બુધવારે મસ્જિદના ગેરકાયદે બાંધકામને તોડી પાડવાની માંગ સાથે વિરોધ પ્રદર્શન કર્યું છે. સિમલાના સંજૌલીમાં આવેલ આ મસ્જિદનો માર્ગ ઢલી ટનલમાંથી પસાર થાય છે. સંગઠન સવારથી જ અહીં વિરોધ પ્રદર્શન કરી રહ્યું છે. પ્રદર્શનકારીઓએ રસ્તા પર હનુમાન ચાલીસાના પાઠ કર્યા હતા અને જય શ્રી રામના નારા લગાવ્યા હતા. આ પછી તેઓએ પોલીસ બેરીકેટ્સ તોડી નાખ્યા. તેમને રોકવા માટે પોલીસે બે વખત લાઠીચાર્જ કર્યો અને વોટર કેનનનો મારો ચલાવ્યો હતો. પથ્થરમારામાં એક પ્રદર્શનકારી અને એક પોલીસકર્મી ઘાયલ થયા છે.



સંજોગ ન્યૂઝ
આપણું અમરેલી
02
ગુરુવાર, તા.૧૨-૦૯-૨૦૨૪

## કચરો, ગંદકીમાંથી વિસ્તારવાસીઓને રાહત મળશે

# અમરેલીના કેરીયા રોડની સુવિધામાં વધારો, બ્લોક નાખવાનું કામ શરૂ

**માર્ગની બાજુમાં બ્લોક નાખવાની કામગીરી થતા લોકોમાં આનંદ**

અમરેલી,તા.૧૧

અમરેલી નગરપાલિકા શહેરની સુવિધા વધારવા માટે સતત પ્રયત્નશીલ છે. શહેરના વિવિધ માર્ગોની કાયાપલટ કરવા માટે નવા માર્ગોની કામગીરી શરૂ કરવામાં આવી છે તો કેરીયા રોડ પર નવા માર્ગની બાજુમાં બ્લોક નાખવાનું કામ શરૂ થતા કેરીયા રોડની સુવિધામાં વધારો થશે. અમરેલીના કેરીયા રોડ પર નવા માર્ગ બનતા વિસ્તારવાસીઓને રાહત થઈ હતી. જો કે થોડા મહિના પહેલા કેરીયા રોડ પર જ પાલિકા દ્વારા બાળ ક્રિડાંગણ બનાવવામાં આવતા બાળકો માટે રમત-ગમત અને સિનિયર સિટીઝનો માટે આનંદ પ્રમોદનું વાતાવરણ બની રહ્યુ છે. છેલ્લાં ચાર દિવસથી કેરીયા રોડની બાજુમાં પાલિકા દ્વારા રસ્તાની સફાઈ કરી બ્લોક નાખવાનું કામ શરૂ કરવામાં આવ્યું છે. અત્રે નોંધનીય છે કે કેરીયા રોડની બાજુમાં ગંદકીના ગંજ ખડકાયા હતા. કચરાના ઢગલા તેમજ કાદવ-કિચડ હોવાથી રાહદારીઓને ત્યાંથી પસાર થવુ મુશ્કેલ બન્યુ હતું. આ માર્ગ પર રાત્રીના સમયે વોકિંગ કરવાવાળા લોકોની સંખ્યા વધારે હોય છે ત્યારે ગંદકી અને કિચડથી લોકો ત્રાહિમામ પોકારી ઉઠયા હતા. અમરેલી પાલિકાએ લોકોની સુખાકારીમાં વધારો થાય તે માટે કેરીયા રોડની બાજુમાં બ્લોક નાખવાની કામગીરી શરૂ થતા વિસ્તારવાસીઓમાં આનંદની લાગણી પ્રસરી જવા પામી છે.


તસવીર : મયુર પંડયા

# અમરેલીના વડેરા ગામની યુવતીને ગામનો જ યુવક ભગાડી ગયો

**યુવતીના પિતાએ અમરેલી તાલુકા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી**

અમરેલી, તા.૧૧

અમરેલીના વડેરા ગામે રહેતી એક યુવતીને તેમના જ ગામનો યુવક ભગાડી ગયો હતો. જેને લઈ યુવતીના પિતાએ પોલીસ ફરિયાદ નોંધાવી હતી.

મગનભાઈ લવજીભાઈ સોજીત્રા (ઉ.વ.૫૫)એ તેમના જ ગામના પાર્થ વિનુભાઈ સોહલીયા સામે તેમની દીકરી રીના (ઉ.વ.૨૩)ને ભગાડી ગયાની ફરિયાદ નોંધાવી હતી. અમરેલી તાલુકા પોલીસ સ્ટેશનના એએસઆઈ એમ. ડી.રાઠોડ વધુ તપાસ કરી રહ્યા છે.

# પટેલ સંકુલની વિદ્યાર્થિનીઓનું M.Com.(EM) સેમ.-૨ની પરીક્ષામાં ૧૦૦ ટકા પરિણામ

અમરેલી, તા.૧૧

સૌરાષ્ટ્ર યુનિવર્સિટી દ્વારા શૈક્ષણિક વર્ષ ૨૦૨૩-૨૪ માટે લેવાયેલી M.Com.(EM) સેમ.-૨ની પરીક્ષાનું પરિણામ તાજેતરમાં જાહેર થયું હતું. જેમાં શ્રી લેઉવા પટેલ ટ્રસ્ટ M.Com. મહિલા કોલેજ સંકુલની વિદ્યાર્થિનીઓએ ૧૦૦ ટકા ડિસ્ટીંકશન મેળવેલ છે. આ વિદ્યાર્થિનીઓમાં ડોડીયા ધર્મિષ્ઠા સવદાસભાઈ (પ્રથમ ક્રમ), સાકરીયા શિવાંગી હરેશભાઈ (દ્વિતીય ક્રમ) અને ખૂંટ બંસરી નંદલાલભાઈએ (તૃતીય ક્રમ) મેળવેલ છે. પરિણામ ૧૦૦ ટકા આવવા બદલ સંકુલ પરિવાર તરફથી તમામ વિદ્યાર્થિનીઓ અને પ્રોફેસર્સને અભિનંદન પાઠવવામાં આવેલ છે.



# બગસરા એસટી ડેપો દ્વારા અનેક રૂટ બંધ કરતા પેસેન્જરોને ભારે હાલાકી

**હવે મુસાફરો પૂછપરછ બારી પર "આ બસ ક્યારે જશે?" ના બદલે "કઈ બસ ચાલુ છે?" એવું પૂછવા મજબૂર બન્યા છે**


તસવીર : હાર્દિક બામટા

બગસરા,તા.૧૧

છેલ્લા ચાર દિવસથી બગસરા એસટી ડેપો દ્વારા અનેક બસ રૂટ બંધ કરવામાં આવતા મુસાફરોને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે. આ પરિસ્થિતિને કારણે મુસાફરો ખાનગી વાહનોનો આશરો લેવા મજબૂર બન્યા છે. તાજેતરમાં બગસરા ડેપો વિશેષ ચર્ચાનો વિષય બન્યો છે. પ્રાપ્ત માહિતી અનુસાર, છેલ્લા ચાર દિવસમાં લગભગ ૯થી ૧૦ બસ સેવાઓ બંધ કરવામાં આવી છે. આમાં બગસરાથી રાજકોટ જતી વહેલી સવારની અને બપોરની સુપર લોકલ બસો, બગસરા-વીંછિયા, બગસરા-અમરેલી-જૂનાગઢ, ખાંભા-ધોરાજી, બગસરા-રાજકોટ (વાયા જેતપુર) અને બગસરા-મહુવા જેવા મહત્વપૂર્ણ રૂટ્સનો સમાવેશ થાય છે. આ પરિસ્થિતિએ મુસાફરોની મુશ્કેલી વધારી દીધી છે. હવે મુસાફરો પૂછપરછ બારી પર "આ બસ ક્યારે જશે?" ના બદલે "કઈ બસ ચાલુ છે?" એવું પૂછવા મજબૂર બન્યા છે. સૂત્રો જણાવે છે કે ઋષિ પંચમી નિમિત્તે ડેપોના અધિકારીઓએ ઘણા ડ્રાઈવરોને રજા મંજૂર કરી હતી, જેના કારણે આ તમામ રૂટ બંધ કરવામાં આવ્યા હતા. પરિણામે, મુસાફરોને ખાનગી વાહનોનો ઉપયોગ કરવાની ફરજ પડી હતી. એસટી ડેપોના અધિકારીઓની બેદરકારીના કારણે ઋષિ પંચમીના દિવસે જ આ સમસ્યા ઉદભવી હોવાનું મનાય છે. આ પરિસ્થિતિએ શહેરની જનતામાં ભારે અસંતોષ ફેલાવ્યો છે. લોકોની માંગ છે કે વહેલી તકે બધી બસ સેવાઓ ફરી શરૂ કરવામાં આવે.

# સાવરકુંડલામાં પત્નીની આંખનું ઓપરેશન કરાવવા આવેલા ચાડીયા ગામના પુરુષનું બાઈક ચોરાયું

સાવરકુંડલા, તા.૧૧

સાવરકુંડલામાં આવેલી લલ્લુભાઈ શેઠ હોસ્પિટલ ખાતે પત્નીની આંખનું ઓપરેશન કરાવવા આવેલા ચાડીયા ગામના પુરુષનું બાઈક ચોરાયું હતું. જેને લઈ વિઠ્ઠલભાઈ બચુભાઈ ભંડેરી (ઉ.વ.૬૦) ની ફરિયાદ પ્રમાણે, તેઓ તેમની પત્ની પ્રભાબેન સાથે તેમના ગામના નિલેશભાઈ રમણીકભાઈ શીંગાળાની મો.સા. લઈને સા.કુંડલા લલ્લુભાઈ શેઠ આરોગ્ય મંદિરમાં આવ્યા હતા. દવાખાનાના ગેઈટ આગળ મોટર સાયકલ મૂકીને તેના પત્નીના આંખના ઓપરેશન માટે ગયા હતા અને પરત આવીને જોયું તો મોટર સાયકલ જોવા મળ્યું નહોતું.

સાવરકુંડલા ટાઉન પોલીસ સ્ટેશનના એએસઆઈ એચ. એચ. કામળીયા વધુ તપાસ કરી રહ્યા છે.

# જિલ્લા સહકારી સંઘની બેઠકમાં નવી કમિટીઓની રચના કરવાનો નિર્ણય

અમરેલી, તા.૧૧

અમરેલી જિલ્લા સહકારી સંઘની મહત્વપૂર્ણ બેઠક આજે અમર ડેરીના બોર્ડ રૂમમાં યોજાઈ હતી. સંઘના અધ્યક્ષ મનીષ સંઘાણીની અધ્યક્ષતામાં મળેલી આ બેઠકમાં એન.સી.યુ.આઈ. અને ઈફકોના અધ્યક્ષ દિલીપભાઈ સંઘાણી પણ ખાસ ઉપસ્થિત રહ્યા હતા. બેઠકમાં કેટલાક મહત્વપૂર્ણ નિર્ણયો લેવામાં આવ્યા હતા. જિલ્લા કક્ષાની ખાલી પડેલી જગ્યા પર જયભાઈ મસરાણીની અને ખાંભા તાલુકાની બેઠક પર અમરીશભાઈ જોષીની નિયુક્તિ કરવામાં આવી હતી. સહકારી પ્રવૃત્તિઓને વેગ આપવા માટે, અધ્યક્ષ મનીષ સંઘાણીએ નવી કમિટીઓ બનાવવાનો પ્રસ્તાવ મૂક્યો હતો. આ અંતર્ગત શિક્ષણ સહકારી કમિટી, કર્મચારી કમિટી, યુવા કમિટી અને મહિલા કમિટી જેવી વિવિધ કમિટીઓ બનાવવાનો નિર્ણય લેવાયો હતો. ખાસ કરીને, યુવા અને મહિલા કમિટીઓમાં જિલ્લાના દરેક તાલુકામાંથી એક-એક સભ્ય લઈને કુલ ૧૫ સભ્યોની કમિટી બનાવવાનું નક્કી કરવામાં આવ્યું હતું. બેઠકમાં નવા ચૂંટાયેલા અને નિયુક્ત થયેલા બોર્ડ ઓફ ડિરેક્ટર્સને ઘોષણાપત્ર અને નિયુક્તિપત્ર પણ આપવામાં આવ્યા હતા. આ પ્રસંગે ગુજરાત વિધાનસભાના નાયબ મુખ્ય દંડક કૌશિકભાઈ વેકરીયા અને અમર ડેરીના અધ્યક્ષ અશ્વિનભાઈ સાવલિયા પણ ઉપસ્થિત રહ્યા હતા.



# અમરેલી રોજગાર કચેરી દ્વારા ધારી આઈટીઆઈ ખાતે રોજગાર મેળો

અમરેલી,તા.૧૧

અમરેલી જિલ્લા રોજગાર કચેરી દ્વારા ભરતી મેળાઓનું આયોજન કરવામાં આવે છે. અનુબંધમ વેબપોર્ટલના માધ્યમથી આગામી તા.૧૩ સપ્ટેમ્બર, ૨૦૨૪ને શુક્રવારના રોજ ધારી ઔદ્યોગિક તાલીમ સંસ્થા ખાતે ભરતી મેળો યોજાશે. આ ભરતી મેળામાં વિવિધ કંપની દ્વારા ટ્રેઈની, પ્લાન્ટ મેન્ટેનન્સ, વીમા એજન્ટ, બિઝનેસ ડેવલપમેન્ટ મેનેજર, ફાઈનાન્સિયલ કન્સલટન્ટની જગ્યા માટે ૧૮ થી ૪૫ વર્ષની વયમર્યાદા અને ધો.૧૦ અને ધો.૧૨ આઈ.ટી.આઈ, ડિપ્લોમા, એક્સ આર્મી મેન, આઈ.ટી.આઈ. ઈન ઈલેક્ટ્રિશયન, વેલ્ડર, ફિટર, ડિપ્લોમા, ધો.૧૨ પાસ, સ્નાતક શૈક્ષણિક લાયકાત ધરાવતા રોજગાર ઈચ્છુકો માટે અનુબંધમ વેબપોર્ટલના ડિજીટલ માધ્યમથી યોજાનાર ભરતી મેળામાં જોડાઈ શકાશે.

# લાઠી તાલુકાનાં ધામેલમાં ૪૫ લાખના ખર્ચે નવનિર્મિત પ્રાથમિક શાળાનું લોકાર્પણ

અમરેલી, તા.૧૧

અમરેલી જિલ્લાના લાઠી તાલુકાના ધામેલ ગામે આજે રૂ. ૪૫ લાખના ખર્ચે નવનિર્માણ પામેલી પ્રાથમિક શાળાનું લોકાર્પણ કરવામાં આવ્યું. લાઠી-બાબરાના ધારાસભ્ય જનકભાઈ તળાવીયાના હસ્તે આ શાળાનું ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું હતું. ગુજરાત સરકારના શિક્ષણ વિભાગ દ્વારા રાજ્યભરમાં આધુનિક અને ડિજિટલ શિક્ષણને પ્રોત્સાહન આપવાના પ્રયાસોના ભાગરૂપે આ શાળાનું નિર્માણ કરવામાં આવ્યું છે. નવા બિલ્ડિંગમાં ત્રણ વર્ગખંડો અને એક વિશાળ રમત-ગમત મેદાન સામેલ છે. આ ઉપરાંત, શાળામાં ડિજિટલ શિક્ષણ માટેની આધુનિક સુવિધાઓ પણ ઉપલબ્ધ કરાવવામાં આવી છે. આ પ્રસંગે ભીખાભાઈ ધોરાજીયા, નરેશભાઈ ડોંડા, ગ્રામ પંચાયતના પૂર્વ સરપંચ, વહીવટદાર, તાલુકા શિક્ષણ વિભાગના અધિકારીઓ, કર્મચારીઓ, શાળાના આચાર્ય અને શિક્ષકગણ, ગ્રામજનો અને વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.



# બાબરાના ઉમિયાનગરમાં કોમ્પ્લેક્ષનું ગેરકાયદે બાંધકામ સાત દિવસમાં દૂર કરવા નગરપાલિકાની નોટિસ

બાબરા, તા.૧૧

બાબરાના ઉમિયાનગરમાં હાલમાં નવું કોમ્પ્લેક્ષ બનાવી દુકાનો ચણવામાં આવેલ હતી જે દુકાનો અને કોમ્પ્લેક્ષ ગેરકાયદે રીતે કોઈ પણ પ્રકારની બાંધકામ મંજૂરી વગર ચણવામાં આવેલ છે. આ ઉપરાંત રોડ સેફટી અમરેલી બાબરા હાઈવે વચ્ચેની નિયમો મુજબ જે જગ્યા છોડવાની થતી હોય છે તે પણ છોડવામાં આવેલ નથી, આ તમામ બાબતોની રજૂઆતો ભવાનભાઈ રાતડીયા દ્વારા નગરપાલિકામાં તથા સંબંધિત વિભાગોમાં પુરાવાઓ સાથે રજૂઆત કરવામાં આવેલ હતી. આમ છતાં પણ તે કોમ્પ્લેક્ષમાં નિયમોનું ઉલ્લંઘન કરવામાં આવેલ હતું. અગાઉ નગરપાલિકાના ચીફ ઓફિસર દ્વારા તાકીદે નોટિસ આપવામાં આવેલ હતી કે તે જગ્યાએ યથાસ્થિતિ જાળવી રાખવી અને કોઈપણ પ્રકારનું બાંધકામ ન કરવું, આમ છતાં પણ નિયમોનું ઉલ્લંઘન કરી ત્યાં દરરોજ દુકાનો ચણવાની કામગીરી કરવામાં આવતી હતી. આ અંગેની ભવાનભાઈ દ્વારા કચેરીએ જાણ કરવામાં આવી હતી, જે અનુસંધાને આજે બાબરા નગરપાલિકાના ચીફ ઓફિસર દ્વારા તે કોમ્પ્લેક્ષનું કામ તાત્કાલિક ધોરણે અટકાવવાની નોટિસ પાઠવેલ છે તથા દિવસ ૭માં જે દબાણ વાળું બાંધકામ છે તે હટાવવા જણાવેલ છે.

Jitendra Sanghani
Cell : 98254 22922
MARUTI SUZUKI
મારૂતિ સુઝુકી સર્વિસ સ્ટેશનનું એકમાત્ર સ્થળ તથા
સંપૂર્ણ આધુનિક સુવિધા સાથેનો વિશ્વાસપાત્ર અને અનુભવી સ્ટાફ
કારકેર સેન્ટર
(Maruti Authorised Workshop)



વ્હીલ એલાઈમેન્ટ,વ્હીલ બેલેન્સીંગ, મીકેનીક કામ,
રીપેરીગ, વોશિગ તેમજ સર્વિસ કરી આપનાર
ચકકરગઢ રોડ, અમરેલી-૩૬૫ ૬૦૧
ફોન: ૦૨૭૯૨ ૨૨૦૦૯૯, E-mail: carcarerushi@rediffmail.com




નવનીત ઓટો સેન્ટર
ગોપી સિનેમા પાસે, સ્ટેશન રોડ,
અમરેલી ફો.૭૫૭૪૮૨૭૩૦૦

મુકેશ સંધાણી 94281 45595
New Number 97230 67130
હર્ષદ સંધાણી 98242 33314
અમારા માટે કોઈ કામ નાનું કે મોટું નથી
ઓલ મેજર એન્ડ માઈનોર રીપેર જોબ
ઓલ એકસીડેન્ટલ રીપેર જોબ • વ્હિલ એલાઈમેન્ટ- બેલેન્સીંગ
ઓલ મીકેનિકલ એન્ડ ઈલેકટ્રીકલ જોબ
સસ્પેન્શાન ઓવરહોલીંગ • એસી જોબ • એન્જીન જોબ
હેડલાઈટ બાર્ફિંગ જોબ • ઈન્ટીરીયર વોશિંગ
વોશિંગ એન્ડ કલીનીંગ • ઈન્શાયુરન્સ પોલીસી
શું કામ તમે અમારી સર્વિસ પસંદ કરશો ?




મુકેશ મોટર ગેરેજ Info.mmgamr.gmail.com
C/O પટેલ ગેરેજ, ચકકરગઢ રોડ, અમરેલી, મો. ૯૪૨૮૧ ૮૭૪૭૯

# સા.કુંડલામાં બનાવટી જામગરી બંદૂક સાથે શખ્સને ઝડપી પાડતી પોલીસ

અમરેલી, તા.૧૧



અમરેલી જિલ્લામાં ગણેશ ઉત્સવને લઈ પોલીસનો ચુસ્ત બંદોબસ્ત છે. ગણેશ પંડાલમાં કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે પોલીસ સતર્ક છે ત્યારે અમરેલી જિલ્લા પોલીસ વડા હિમકર સિંહની ટીમ સ્પેશ્યલ ઓપરેશન ગ્રુપ દ્વારા ગેરકાયદેસર હથિયારો રાખનારાઓ સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી રહી છે. ત્યારે સાવરકુંડલા બાયપાસ રોડ ઉપર નળમાં નહેરાના કાંઠે એક ઝૂંપડામાં બનાવટી દેશી જામગરી બંદૂક રાખવામાં આવી હતી. તેને લઈ સ્પેશ્યલ ઓપરેશન બ્રાન્ચ પી.આઈ. આર.ડી.ચૌધરીની ટીમે પ્રથમ ચારે તરફથી વિસ્તાર કોર્ડન કરી સુલતાનભાઈ રહેમાનભાઈ લાડાને ઝડપી લીધો હતો. સાવરકુંડલા રૂરલ પોલીસ સ્ટેશનમાં આર્મ્સ એક્ટ હેઠળ ગુનો નોંધી આરોપીની ધરપકડ કરી રૂરલ પોલીસ સ્ટેશનને સોંપવામાં આવ્યો છે. રૂરલ પોલીસ દ્વારા જામગરી બંદૂક કબ્જે લઈ આરોપીની પૂછપરછ શરૂ કરવામાં આવી છે. હથિયારનો ઉપયોગ કર્યો છે કે કેમ? તે અંગે તપાસ હાથ ધરી છે.

# ઈન્ટરનેશનલ કક્ષાએ ચલાલા ગાયત્રી સંસ્કૃત સંસ્કાર વિદ્યાલયની ટીમ બીજા ક્રમે

**સંચાલક ભારત ભૂષણ મહેશભાઈ મહેતા અને આચાર્ય શીતલબેન મહેતાએ શુભેચ્છા પાઠવી**

ચલાલા, તા.૧૧




યુગ નિર્માણ ગાયત્રી પરિવાર ટ્રસ્ટ સંચાલિત ગાયત્રી સંસ્કાર વિદ્યાલયના વિદ્યાર્થીઓએ લખનૌ ખાતે ઈન્ટરનેશનલ લેવલે કલ્ચર પ્રોગ્રામમાં બીજો નંબર મેળવી સંસ્કાર વિદ્યાલયનું નામ રોશન કર્યું છે. જેમાં ચલાલાથી શ્લોક મહેતા, ઢોલરવાથી વાળા દિવ્યરાજ, દહીડાથી વાળા જયદીપ, લાખાપાદરના સોજીત્રા પ્રીત આ બાધાએ પોતાની અંદર છુપાયેલી કલા રજૂ કરીને સુંદર પર્ફોર્મન્સ આપ્યું હતું. માર્ગદર્શક શિક્ષક અરવિંદભાઈએ સંપૂર્ણ જહેમત ઉઠાવી હતી.

આ કાર્યક્રમ સફળ બનાવવા સંસ્થાના શિલ્પી પૂ. ડો.રતિદાદા, સંચાલક ભારત ભૂષણ મહેશભાઈ મહેતા અને આચાર્ય શીતલબેન મહેતાએ શુભેચ્છા પાઠવી તથા મંત્રોચ્ચાર કરી વિદાય પાઠવી હતી.

ગોડાઉન ભાડે આપવાના છે.
જી.આઈ.ડી.સી.માં
કુલ ૩ ગોડાઉન
ભાડે આપવાના છે.
શીતલ આઈસ્ક્રીમની બાજુમાં
અશોકભાઈ 94269 63633
તેજસભાઈ 82008 94309

## CHANGE OF NAME

I Undersigh I MEHTA DIPAKKUMAR PRABHASHANKAR have changed my name from MAHETA DEEPAKKUMAR PRABHASHANKAR To MEHTA DIPAKKUMAR PRABHASHANKAR
Now i will be known as
MEHTA DIPAKKUMAR PRABHASHANKAR
Sigh: MEHTA DIPAKKUMAR PRABHASHANKAR
Address : GHUGHARALA, AT-GHUGHARALA, TAL-BABRA, DIST-AMRELI-365410, GUJARAT-365601

## અવસાન નોંધ

**સાવરકુંડલા**

રમેશભાઈ ટપુભાઈ જેઠવા તે કાંતિભાઈ ટાપુભાઈ જેઠવાના ભાઈ તથા ભીખેશભાઈ રમેશભાઈ જેઠવા અને કિશનભાઈ રમેશભાઈ જેઠવાના પિતાનું તા:૯/૯/૨૪ ને સોમવારના રોજ દુ:ખદ અવસાન થયેલ છે. સદગતની સાદડી તા: ૧૨/૯/૨૪ ને ગુરુવારના રોજ સાંજે ૪:૦૦ થી ૬:૦૦ કલાકે મહાદેવ વાળી શેરી ધોબી જ્ઞાતિ વાડી સાવરકુંડલા ખાતે રાખેલ છે.

**સાવરકુંડલા**

દીપકકુમાર વિનોદરાય ખોખર(ઉ.વ:૪૫) તે વિનોદરાય કાળાભાઈ ખોખર અને વિમળાબેન વિનોદભાઈ ખોખરનો પુત્ર તે મુકેશભાઈ વિનોદભાઈ ખોખરના ભાઈ તથા શુભમ દીપકભાઈ ખોખરના પિતા તથા નયનાબેન દીપકભાઈ ખોખરના પતિનું તા:૮/૯/૨૪ ને રવિવારના રોજ દુ:ખદ અવસાન થયેલ છે. સદગતનું બેસણું તા:૧૨/૯/૨૪ ને ગુરુવારના રોજ ૪:૦૦ થી ૬:૦૦ કલાકે અમારા નિવાસસ્થાને પંચવટી સોસાયટી મહુવા રોડ સાવરકુંડલા ખાતે રાખેલ છે.

**સાવરકુંડલા**

સ્વ પ્રિયાંક કાંતિભાઈ ગજ્જર (ગળચટ) ઉંમર વર્ષ ૨૬નું તારીખ ૮-૯-૨૪ ને રવિવારના રોજ દુ:ખદ અવસાન થયેલ છે. જે કાંતિભાઈ ગીરધરભાઈ ગજ્જર (ગળચટ) ના પુત્ર તથા જયદીપભાઇ, દિપ્તીબેન, માધવીબેનના ભાઈ તથા હાર્દિકકુમાર કિશોરભાઈ ધારૈયાના સાળા થાય છે.

**સાવરકુંડલા**

વિજયાબેન દયાશંકરભાઈ મહેતા (ઉ.વ:૮૫) તે અશોકભાઇ દયાશંકરભાઈ મહેતાના માતૃશ્રીનું તા:૧૧/૯/૨૦૨૪ ને બુધવારના રોજ દુ:ખદ અવસાન થયેલ છે.




## અમરેલી સિટીમાંથી હદપારીનો ભંગ કરીને પ્રવેશેલો ઈસમ ઝડપાયો

અમરેલી, તા.૧૧

અમરેલી સિટીમાંથી પોલીસે હદપારીનો ભંગ કરીને પ્રવેશેલા ઈસમને ઝડપી પાડ્યો હતો. અમરેલીમાં રહેતા ધર્મેશભાઈ ઉર્ફે ભુરો જેન્તીભાઈ બુધેલીયા (ઉ.વ.૩૮)ને ૧૯-૦૪-૨૦૨૫ સુધી અમરેલી જિલ્લામાંથી તડીપાર કરવામાં આવ્યો હતો. તેમ છતાં આ હુકમનો ભંગ કરી અમરેલી જિલ્લામાં પ્રવેશ કર્યો હતો અને ઝડપાયો હતો.













## મામલતદાર અને તાલુકા એકજીક્યુટીવ મેજીસ્ટ્રેટની કચેરી, બાબરા

જન્મ/મરણ પરચુરણ અરજી નં. ૪૨/૨૪ — તા.૦૩/૦૯/૨૦૨૪

**વિવાદી-** શ્રી જયેશકુમાર પ્રવિણચંદ્ર જયસ્વાલ ,રહે. અમદાવાદ ઠે.એ/૩૯, મનહરનગર પાર્ટ-૧, વિરાટનગર રોડ, તા. જિ. અમદાવાદ (મો.નં. ૯૪૨૬૦ ૧૫૨૧૮)

- //વિરૂધ્ધ//-

**પ્રતિવિવાદી:-** જન્મ-મરણ નોંધણી અધિકારી - વ - ચીફ ઓફિસરશ્રી નગરપાલિકા બાબરા, તા.બાબરા, જિ.અમરેલી

**-// જાહેર નોટીસ //-**
**(જન્મનાં દાખલા માટે)**

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાનાં **બાબરા** તાલુકાના **મોજે.બાબરા** ગામના રહીશ આ કામના અરજદારશ્રી **જયેશકુમાર પ્રવિણચંદ્ર જયસ્વાલનો જન્મ તા.૦૧/૦૬/૧૯૬૯ ના રોજ મોજે.બાબરા, તા.બાબરા, જિ.અમરેલી** મુકામે થયેલ હોય જે તે સમયે તેમના **જન્મની** નોંધ કરાવેલ ન હોય /જન્મની નોંધ કરાવવાની રહી ગયેલ હોય, જેથી **જન્મ**ની નોંધ કરાવવાનાં કામે અત્રેની કોર્ટમાં **તા.૦૮/૦૮/૨૪** થી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાએ **જન્મ નોંધ** દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો, હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત **અત્રેની કોર્ટમાં મુદત તા.૧૩/૦૯/૨૦૨૪ના રોજ બપોરના ૧૨:૩૦ કલાકે** વાંધો તકરાર સાથે હાજર રહેવું અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

સહી
તાલુકા એકિઝક્યુટીવ મેજીસ્ટ્રેટ
બાબરા

## મામલતદાર અને એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાવરકુંડલાની કોર્ટમાં

**જાહેર નોટીસ**

નં.જન્મ નોંધણી/અરજી નં. ૨૧૪/૨૦૨૪

**અરજદારશ્રી:-** ૧. દેવચંદભાઈ નાનજીભાઈ રંગાણી
રહે. ધાર, તા.સાવરકુંડલા, જી.અમરેલી

**વિરૂધ્ધ**

**સામાવાળા:-** ૧. તલાટી કમ મંત્રીશ્રી ધાર, તા.સાવરકુંડલા

**જન્મ-મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ની કલમ-૧૩(૩) હેઠળની અરજી અન્વયે જન્મની નોંધ કરાવવા જાહેર નોટીસ**

આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારશ્રી પુત્ર ભાવેશ દેવચંદભાઈ રંગાણીનો જન્મ તા.૧૫/૧૨/૧૯૮૨ ના રોજ મુ.ધાર, તા.સાવરકુંડલા, જી.અમરેલી મુકામે થયેલ. પરંતુ, કાયદાની અજ્ઞાનતાના કારણે તેઓના જન્મની નોંધ ગ્રામ પંચાયતના રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોઈ, જન્મની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. તો સદર અરજીના અનુસંધાને જન્મની નોંધણી કરાવવા સામાવાળાને હુકમ કરવા સામે કોઈ ઈસમને વાંધો કે તકરાર હોઈ તો અત્રેની કોર્ટમાં નોટીસ પ્રસિધ્ધ થયા તારીખથી દિન-૩૦માં પોતે અથવા વકીલ મારફતે મામલતદાર અને એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટની કચેરી સાવરકુંડલા ખાતે જરુરી આધાર-પુરાવા સાથે વાંધો રજુ કરવો. જો ઉપર દર્શાવેલ સમયગાળામાં વાંધો નહી આવે તો આગળની ન્યાયીક કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની લાગતા વળગતા તમામ ઈસમોએ નોંધ લેવી.

આજ તા.૦૬/૦૯/૨૦૨૪ ના રોજ મારી સહી તથા કોર્ટનો સીકકો કરી આપ્યો.

સહી,
મામલતદાર અને એકઝીક્યુટીવ મેજિસ્ટ્રેટ
સાવરકુંડલા

## મામલતદાર અને એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાવરકુંડલાની કોર્ટમાં

**જાહેર નોટીસ**

નં.જન્મ નોંધણી/અરજી નં.૨૧૫/૨૦૨૪

**અરજદારશ્રી:-** ૧.નનુભાઈ વલ્લભભાઈ ચોવટીયા,
રહે.ભુવા રોડ, મંદીર વાડી, તા.સાવરકુંડલા, જિ.અમરેલી

**વિરૂધ્ધ**

**સામાવાળા:-** ૧. જન્મ નોંધણી રજીસ્ટારશ્રી, નગરપાલીકા કચેરી, તા. સાવરકુંડલા

**જન્મ-મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ની કલમ-૧૩(૩) હેઠળની અરજી અન્વયે જન્મની નોંધ કરાવવા જાહેર નોટીસ**

આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારશ્રી પુત્રી મુક્તાબેન નનુભાઈ ચોવટીયાનો જન્મ તા.૦૧/૦૬/૧૯૬૮ના રોજ મુ. તા. સાવરકુંડલા, જી. અમરેલી મુકામે થયેલ. પરંતુ, કાયદાની અજ્ઞાનતાના કારણે તેઓના જન્મની નોંધ ગ્રામ પંચાયતના રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોઈ, જન્મની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. તો સદર અરજીના અનુસંધાને જન્મની નોંધણી કરાવવા સામાવાળાને હુકમ કરવા સામે કોઈ ઈસમને વાંધો કે તકરાર હોઈ તો અત્રેની કોર્ટમાં નોટીસ પ્રસિધ્ધ થયા તારીખથી દિન-૩૦માં પોતે અથવા વકીલ મારફતે મામલતદાર અને એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટની કચેરી સાવરકુંડલા ખાતે જરુરી આધાર-પુરાવા સાથે વાંધો રજુ કરવો. જો ઉપર દર્શાવેલ સમયગાળામાં વાંધો નહી આવે તો આગળની ન્યાયીક કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની લાગતા વળગતા તમામ ઈસમોએ નોંધ લેવી.

આજ તા.૦૬/૦૯/૨૦૨૪ ના રોજ મારી સહી તથા કોર્ટનો સીકકો કરી આપ્યો.

સહી,
મામલતદાર અને એકઝીક્યુટીવ મેજિસ્ટ્રેટ
સાવરકુંડલા

## મામલતદાર અને એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાવરકુંડલાની કોર્ટમાં

**જાહેર નોટીસ**

નં.જન્મ નોંધણી/અરજી નં.૯૨/૨૦૨૪

**અરજદારશ્રી:-** શ્રી ચૌહાણ રહિમભાઈ હસનભાઈ
રે.જુમા મસ્જીદ પાસે,ચૌહાણ ફળી, સાવરકુંડલા, તા.સાવરકુંડલા, જિ.અમરેલી

**વિરૂધ્ધ**

**સામાવાળા:-** ૧. સાવરકુંડલા નગરપાલીકા, તા.સાવરકુંડલા

**જન્મ-મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ની કલમ-૧૩(૩) હેઠળની અરજી અન્વયે જન્મની નોંધ કરાવવા જાહેર નોટીસ**

આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારશ્રીના પુત્ર જાહિદ રહિમભાઈ ચૌહાણ નો જન્મ તા.૦૨/૦૬/૧૯૭૩ના રોજ મુ.સાવરકુંડલા, તા.સાવરકુંડલા, જી.અમરેલી મુકામે થયેલ. પરંતુ, કાયદાની અજ્ઞાનતાના કારણે તેઓના જન્મની નોંધ ગ્રામ પંચાયતના રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોઈ, જન્મની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. તો સદર અરજીના અનુસંધાને જન્મની નોંધણી કરાવવા સામાવાળાને હુકમ કરવા સામે કોઈ ઈસમને વાંધો કે તકરાર હોઈ તો અત્રેની કોર્ટમાં નોટીસ પ્રસિધ્ધ થયા તારીખથી દિન-૩૦માં પોતે અથવા વકીલ મારફતે મામલતદાર અને એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટની કચેરી સાવરકુંડલા ખાતે જરુરી આધાર-પુરાવા સાથે વાંધો રજુ કરવો. જો ઉપર દર્શાવેલ સમયગાળામાં વાંધો નહી આવે તો આગળની ન્યાયીક કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની લાગતા વળગતા તમામ ઈસમોએ નોંધ લેવી.

આજ તા.૦૩/૦૯/૨૦૨૪ ના રોજ મારી સહી તથા કોર્ટનો સીકકો કરી આપ્યો.

સહી,
મામલતદાર અને એકઝીક્યુટીવ મેજિસ્ટ્રેટ
સાવરકુંડલા

# બગસરામાં સાંસ્કૃતિક લોકડાયરો યોજાયો, ગાયકોનું સન્માન કરાયું

**ગાયકોએ મેઘાણીના ગીતો ગાઈ શ્રોતાઓને ડોલાવ્યા**



બગસરા,તા.૧૧

બગસરામાં ઝવેરચંદ મેઘાણીની જન્મ જયંતીએ સાંસ્કૃતિક લોકડાયરો યોજાયો હતો. બગસરાની મેઘાણી હાઈસ્કૂલ ખાતે રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણીની જન્મ જયંતીએ ગુજરાત રાજય સંગીત નાટક અકાદમી, ગાંધીનગરના આર્થિક સહયોગથી સાંસ્કૃતિક લોકડાયરો યોજાયો હતો. લોકડાયરામાં લોકગાયિકા અલ્પાબેન તેમજ લોકગાયક વિમલ મહેતાએ ઝવેરચંદ મેઘાણીના ગીતો ગાઈ શ્રોતાઓએ ડોલાવ્યા હતા. લોકડાયરામાં મેઘાણીની વાતો કરી વિદ્યાર્થીઓને માહિતગાર કરાયા હતા. બંને લોકગાયકોનું મોમેન્ટો આપી સન્માન કરવામાં આવ્યું હતું. આ લોકડાયરામાં સાંસદ ભરતભાઈ સુતરીયા, શહેરના રાજકિય તેમજ સામાજિક આગેવાનો સાથે વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં હાજર રહ્યાં હતા.

**સિંહોના હુમલાથી અન્ય પશુઓમાં ભાગદોડ મચી**

# ખાંભાના ત્રાકુડા ગામે રોડ પર બેઠેલા પશુઓ પર સિંહોનો હુમલો

અમરેલી,તા.૧૧

ખાંભાના ત્રાકુડા ગામે રોડ પર બેઠેલા રેઢિયાળ પશુઓ પર ૪ થી ૫ જેટલા સિંહોના ટોળાએ અચાનક દોટ મૂકી હતી. પશુઓના ટોળા વચ્ચે સિંહો ત્રાટકતા રેઢિયાળ પશુઓમાં રીતસર અફડાતફડી મચી ગઈ હતી.



આ ઘટનાક્રમ રહેણાંક વિસ્તારના સીસીટીવી કેમેરામાં કેદ થતા સમગ્ર દ્રશ્યો સામે આવ્યા છે. જેમાં ૧ પશુ વાછરડી ભાગી નહિ શકતા સિંહે દબોચી લેતા શિકાર થયો હતો અને અન્ય પશુઓ ગામમાં, ખેડૂતોના ખેતરોમાં, અલગ અલગ વિસ્તારમાં જીવ બચાવવા ભાગ્યા હતા જેના કારણે બચાવ થયો હતો. સિંહોએ શિકાર કરવા માટે ભારે ભાગદોડ મચાવી હતી.

# અમરેલીમાં લગ્ન કરવાની ના પાડતા યુવતીને જાનથી મારવાની ધમકી આપી

**આરોપીએ યુવતીને ત્રણ લાફા મારી બિભત્સ ગાળો આપી**

અમરેલી, તા.૧૧

અમરેલીમાં રહેતી એક યુવતીએ લાઠીના યુવક સાથે લગ્ન કરવાની ના પાડતાં તેને જાનથી મારી નાખવાની ધમકી આપવામાં આવી હતી. ઉપરાંત ત્રણ લાફા પણ માર્યા હતા. બનાવ અંગે યુવતીએ લાઠીમાં રહેતા નવઘણ શેરાભાઈ ચારોલા સામે ફરિયાદ નોંધાવી હતી. જે મુજબ તેણે આરોપી સાથે લગ્ન કરવાની ના પાડતાં આરોપી જેમ ફાવે તેમ ગાળો આપી, જાનથી મારી નાખવાની ધમકી આપી, ત્રણ લાફા મારી જતો રહ્યો હતો. અમરેલી સિટી પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ મહેશભાઈ નનુભાઈ મુંધવા વધુ તપાસ કરી રહ્યા છે.

# મનીષ સંઘાણીના માર્ગદર્શન હેઠળ દિલ્હી N.C.U.I ખાતે લીડરશીપ ડેવલપમેન્ટ પ્રોગ્રામનો શુભારંભ

અમરેલી, તા.૧૧

અમરેલી જિલ્લા સહકારી સંઘ દ્વારા યુવા નેતા મનીષ સંઘાણીના માર્ગદર્શન હેઠળ અમરેલી જિલ્લાની સહકારી મંડળીઓના ૪૦ મંત્રી, મેનેજર અને સદસ્યોને ન્યુ દિલ્હી એન.સી.યુ.આઈ. ખાતે પ્રશિક્ષણ હેતુ મોકલવામાં આવ્યા છે. જેનો યુવા નેતા મનીષ સંઘાણી



અને એન.સી.સી.આઈ. નાં ડેપ્યુટી ડાયરેકટર સાવિત્રી સિંહની ઉપસ્થિતિમાં શુભારંભ કરવામાં આવ્યો હતો.

આ તાલીમ દરમિયાન અમરેલી જિલ્લાના સહકારી સદસ્યો અને મંત્રી, મેનેજરને સહકારીતાનાં વિવિધ વિષયો પર વિષય નિષ્ણાતો દ્વારા પ્રશિક્ષણ આપવામાં આવશે.

જેનાથી અમરેલી જિલ્લાની સહકારી ગતિવિધિને આગળ વધારવા વેગ મળશે.

# ધારીમાં પ્રેમલગ્ન બાદ બે વર્ષમાં છૂટાછેડા થતાં યુવકે ઝેરી દવા પીધી

ધારી, તા.૧૧

ધારીમાં એક ચોંકાવનારો બનાવ સામે આવ્યો છે. પ્રેમ લગ્ન બાદ ૨ વર્ષમાં જ યુવકના છૂટાછેડા થઈ જતાં તેને મનોમન લાગી આવતાં ઝેરી દવા પી લીધી હતી. બનાવ અંગે આકાશભાઈ મુકેશભાઈ ધંધુકીયા (ઉ.વ.૨૫)એ જાહેર કર્યા મુજબ, તેમના બે વર્ષ પહેલા પ્રેમલગ્ન થયા હતા. અઠવાડિયા પહેલા છૂટાછેડા થઈ જતાં મનોમન લાગી આવ્યું હતું.

જેથી તેમણે પોતાની મેળે ઝેરી દવા પી લેતા સારવાર અર્થે ખસેડાયા હતા. ધારી પોલીસ સ્ટેશનના એએસઆઈ એ.વી.જુણેજા વધુ તપાસ કરી રહ્યા છે.

# ખાંભામાં પુત્રએ મકાન ખાલી કરીને બહાર જતા રહેવાનું કહી પિતાને કુહાડીનો હાથો માર્યો

**પ્રેમલગ્ન બાદ ઘર બાબતે બોલાચાલી થતી હતી**

ખાંભા, તા.૧૧

ખાંભામાં એક યુવકે પ્રેમલગ્ન કર્યા હતા. જે બાદ તેના માતા-પિતા સાથે તેને બોલાચાલી થતી હતી. યુવકે માતા-પિતાને મકાન ખાલી કરીને જતા રહેવાનું કહી પિતાને કુહાડીનો ઘા મારીને ગાળો બોલી, ધમકી આપી હતી. બનાવ અંગે ભગવતીપરામાં રહેતા પ્રેમજીભાઈ બાવભાઈ રાઠોડ (ઉ.વ.૬૩)એ રમેશભાઈ પ્રેમજીભાઈ રાઠોડ સામે ફરિયાદ નોંધાવી હતી. જે મુજબ આરોપી તેનો પુત્ર થાય છે, તેણે પ્રેમલગ્ન કર્યા હતા અને માતા સાથે અવારનવાર ઘર બાબતે બોલાચાલી કરતો હતો. તેઓ તથા તેમના પત્ની ઘરે હતા ત્યારે પુત્ર માતાને જેમ ફાવે તેમ બોલતો હતો અને મકાન ખાલી કરી બહાર જતા રહેવાનું કહેતો હતો. જેથી તેમણે બોલવાની ના પાડતાં ઉશ્કેરાઈ તેની માતાને ગાળો આપી હતી. ઉપરાંત કુહાડીનો હાથો માથાના ભાગે માર્યો હતો. ખાંભા પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ ડી.કે.પરમાર વધુ તપાસ કરી રહ્યા છે.

# માયાપાદર ગામે જાહેરમાં જુગાર રમતાં ૭ શકુની ઝબ્બે

**રૂ. ૧૦,૩૨૦નો મુદ્દામાલ જપ્ત કર્યો**

વડીયા, તા.૧૧

વડીયાના માયાપાદર ગામે દરબારગઢ પાસેથી પોલીસે જાહેરમાં જુગાર રમતાં ૭ ઈસમોને ઝડપી લીધા હતા. તેમની પાસેથી રોકડા રૂ.૧૦,૩૨૦ જપ્ત કરવામાં આવ્યા હતા. હુસૈનભાઈ મુસાભાઈ કાળવા, રફીકભાઈ જમાલભાઈ બાવનકા, નરેશભાઈ સુખાભાઈ પાડા, રજનીભાઈ કાંતિભાઈ રાજા, જયેશભાઈ નારાયણભાઈ કાબરીયા, જગુભાઈ હકુભાઈ જેઠવા, મનુસિંગ કલ્યાણસિંગ બચ્ચન જાહેરમાં પૈસા તથા ગંજીપત્તાના પાનાથી હારજીતનો જુગાર રમી રમતા રોકડ રકમ રૂ.૧૦,૩૨૦ તથા અલગ-અલગ દરના ટોકન નંગ-૮૨ સાથે ઝડપાયા હતા.

**રાજુલામાંથી ૩ મહિલા જુગારી ઝડપાઈ, ૧ ફરાર**

રાજુલાના ગોકુળનગરમાંથી પોલીસે ત્રણ મહિલાને ખુલ્લી શેરીમાં જાહેરમાં ગંજીપત્તાના પાના વડે હારજીતનો જુગાર રમતાં રોકડા રૂપિયા ૧૫૩૦ સાથે ઝડપી લીધી હતી, જ્યારે એક ફરાર થઈ ગઈ હતી. રાજુલા પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ એમ.પી. ગાજીપરા વધુ તપાસ કરી રહ્યા છે.

# રાજુલાના નેસડી નં.૧ ગામેથી પરિણીતા વહેલી સવારે ઘરેથી ચાલી નીકળી

રાજુલા, તા.૧૧

રાજુલાના નેસડી નં.૧ ગામે રહેતી યુવતીના લગ્ન વાવેરા ગામના યુવક સાથે થયા હતા. પરિણીતા પિયર આવી હતી અને ત્યાંથી વહેલી સવારે પાંચ વાગ્યે કોઈને કહ્યા વગર જતી રહી હતી. બનાવ અંગે નેસડી-૧ ગામે રહેતા નાનજીભાઈ પીઠાભાઈ પરમાર (ઉ.વ.૫૫)એ જાહેર કર્યા મુજબ, વાવેરા મુકામે રહેતી તેમની મોટી દીકરી મંજુલાબેન હકુભાઈ બાબરીયા (ઉ.વ.૩૦) પિયર આવી હતી અને ત્રણ દિવસ પહેલા વહેલી સવારે પાંચ વાગ્યે કોઈને કહ્યા વગર જતી રહી હતી. ડુંગર પોલીસ સ્ટેશનના એએસઆઈ એમ.કે. પીછડીયા વધુ તપાસ કરી રહ્યા છે.

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૮૦, તિથિ: નોમ
તા. ૧૨-૦૯-૨૦૨૪, ગુરૂવાર, સૂર્યોદય-૦૬:૦૪,
સૂર્યાસ્ત-૦૬:૨૯, જૈન નવકારશી-૮-૧૦,
નક્ષત્ર: મૂળ

## દૈનિક રાશિફળ

તા.૧૨-૦૯-૨૦૨૪ ગુરૂવાર

મેષ: આજનો દિવસ તમારા માટે સુખદ રહેશે કેમ કે આજે તમે વિચારેલા કાર્ય પૂર્ણ થઈ શકે છે. નોકરીમાં ઉચ્ચ પદની પ્રાપ્તિની સંભાવના રહેલી છે.

વૃષભ: આજનો દિવસ તમારા માટે થોડો વ્યસ્ત રહેશે. સંતાન સુખમાં વૃદ્ધિ થશે અને ક્યાંકથી વસ્ત્રાદીની ભેટ મળશે.

મિથુન: આજનો તમારો દિવસ મિશ્ર ફળદાયક છે. પ્રત્યેક મામલામાં મિશ્ર પરિણામો મળશે. સંપત્તિના સુધાર તથા સારસંભાળમાં ખર્ચ વધશે.

કર્ક: આજે ગ્રહોની દશા તમારા દિવસને અનુકૂળ બનાવી રહી છે. સુખ-સંપત્તિમાં વિસ્તાર થશે. પરિવારમાં સુખ-શાંતિનું વાતાવરણ રહેશે.

સિંહ: આજે કાર્યક્ષેત્રમાં વધારાની જવાબદારી અને ધાર્મિક કાર્યોમાં વ્યસ્તતા વધશે. સંપત્તિનો વિસ્તાર થશે અને આવકમાં વૃદ્ધિ થશે.

કન્યા: આજનો દિવસ તમારા કાર્યક્ષેત્રમાં મુશ્કેલી ભરેલો હોઈ શકે છે. કોઈ ગેરસમજના કારણે ઓફિસમાં સહયોગીઓ સાથે વિવાદ થઈ શકે છે.

તુલા: ગ્રહોની સ્થિતિથી ખ્યાલ આવી રહ્યો છે કે આજનો દિવસ કાર્યક્ષેત્રમાં ઘણો વ્યસ્તતા ભરેલો રહેશે. આવકમાં વૃદ્ધી થશે. ક્રોધથી બચો.

વૃશ્ચિક: આજનો દિવસ તમારા માટે ઘણો કઠીન રહેશે. પ્રત્યેક કામમાં પડકારો અને અડચણો આવી શકે છે. અકસ્માતે બિનજરૂરી ખર્ચ વધી શકે છે.

ધન: આજે ગ્રહો જણાવી રહ્યા છે કે આજે તમારા ઘરમાં કોઈ શુભ કાર્યના આયોજનથી મનમાં પ્રસન્નતા અને વ્યસ્તતા રહેશે.

મકર: આજે તમારા ભાગ્યનો ઉદય, ધન, કર્મ, કીર્તિની વૃદ્ધિ, શત્રુ ચિંતાઓનું દમન થશે. સર્વત્ર વિજય, સફળતાની પ્રાપ્તિ અને મનોરથ સિદ્ધ થવાથી પ્રસન્નતા રહેશે.

કુંભ: આજનો દિવસ તમારા માટે દૈવી કૃપાવાળો બની શકે છે. માતાનું સાનિધ્ય અને આશિર્વાદ ખાસ રીતે ફળદાયી રહેશે.

મીન: આજનો દિવસ શુભ રહેશે. નોકરીમાં ઉચ્ચ પદની પ્રાપ્તિનો યોગ બની શકે છે. સંતાન તરફથી સુખદ સમાચાર મળશે.

**નવા પદાધિકારીઓની નિમણૂંક સાથે**

# અમરેલી શહેરમાં રોટરી ક્લબનો ૪૫મો પદગ્રહણ સમારોહ યોજાયો

**નવા પદાધિકારીઓની શપથવિધિ અંબરીશભાઈ રાજયગુરૂએ કરાવી**

અમરેલી, તા.૧૧

રોટરી ક્લબ ઓફ અમરેલીનો ૪૫મો પદગ્રહણ સમારોહ ગઈકાલે રવિસ થાળ, અમરેલી ખાતે ભવ્ય રીતે યોજાયો હતો. આ પ્રસંગે નવા પદાધિકારીઓની નિમણૂક કરવામાં આવી હતી. સમારોહમાં આસિસ્ટન્ટ ગવર્નર રો. અંબરીશભાઈ રાજયગુરુએ




શપથવિધિ કરાવી હતી. જેમાં રો. આશિષભાઈ ગણાત્રાને પ્રેસિડેન્ટ તરીકે અને રો. પરાગભાઈ વડેરાને સેક્રેટરી તરીકે નિયુક્ત કરવામાં આવ્યા હતા. કાર્યક્રમમાં અનેક પાસ્ટ પ્રેસિડેન્ટ્સ હાજર રહ્યા હતા, જેમાં રો. જગદીશભાઈ સેલાણી, રો. ડો. પી.પી, રો. એ.ડી. રુપારેલ, રો. જીતેન્દ્રભાઈ સોમૈયા, રો. સતિષભાઈ આડતીયા અને રો. ચંદ્રેશભાઈ ધોળકીયાનો સમાવેશ થાય છે. આ ઉપરાંત, રિયાઝભાઈ વેરસિયાને નવા સભ્ય તરીકે આવકારવામાં આવ્યા હતા. સમારોહમાં "નેશન બિલ્ડર એવોર્ડ" પણ આપવામાં આવ્યો હતો. આ એવોર્ડથી પાયલબેન નથવાણી, અર્જુનભાઈ ભટ્ટ અને રિયાઝભાઈ વેરસિયાને સન્માનિત કરવામાં આવ્યા હતા. રોટરી ક્લબ અમરેલી ગીરના સેક્રેટરી અમરભાઈ કોંઢીયા અને નિરવભાઈ ઝિંઝુવાડીયાએ પણ આ પ્રસંગે હાજરી આપી હતી.

# જાફરાબાદમાંથી ૪ સહિત જિલ્લામાંથી ૮ પ્યાસી પકડાયા

અમરેલી, તા.૧૧

અમરેલી જિલ્લામાં નશો કરીને ફરતાં ઈસમો સામે પોલીસ કાર્યવાહી કરી રહી છે. જાફરાબાદમાંથી ૪, વાઘણીયા, અમરેલી, રાજુલા, ચાવંડ ગામેથી ૧-૧ મળી કુલ ૮ ઈસમો કેફી પીણું પીને ફરતાં મળી આવ્યા હતા. રાજુલાના ભેરાઈ રોડ ઉપર હીતેષ મોલ પાસેથી તથા ખાંભા ટાઉનમાંથી કેફી પીણું પીને વાહન ચલાવતાં બે ઈસમો ઝડપાયા હતા. મીઠાપુર ગામની સીમ નાગેશ્રી ખાંભા રોડ સમૂહ ખેતી જાહેર રોડ પરથી દેતડ ગામનો યુવક માણસોની જિંદગી જોખમાય તે રીતે બોલેરો ચલાવતાં મળી આવ્યો હતો.


**તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ-રાજુલાની કોર્ટમાં મું. રાજુલા.**

જન્મ /મરણ અરજી નંબર / ૨૪૩ /૨૦૨૪

**અરજદાર :-** શ્રી જમનાબેન લખમનભાઈ છોટાળા
**સરનામું:-** રહે.રાજુલા, તા. રાજુલા, જિ.અમરેલી
**વિરૂધ્ધ**
**સામાવાળા :-**જન્મ-મરણ નોંધણી રજીસ્ટર અને ચીફ ઓફિસરશ્રી, નગરપાલિકા, રાજુલા, તા.રાજુલા, જી.અમરેલી

**-:: નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના રાજુલા **તાલુકાના રાજુલા** ગામના શ્રી **જમનાબેન લખમનભાઈ છોટાળાના ભત્રીજી શ્રી મંજુબેન લાખાભાઈ છોટાળા નો જન્મ તા.૧૦/૧૧/૧૯૭૩નાં** રોજ જન્મ થયા અંગેની નોંધ કરાવવા તેમના વકીલ **શ્રી. એ.આર.બલદાણીયા** મારફત અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાના જન્મ નોંધ રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો, તકરાર હોય તો તેમણે સદરહું નોટીસ પ્રસિધ્ધ થયાના ૩૦(ત્રીસ) દિવસમાં નીચે સહિ કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તારીખ. ૧૭, માહે ઓગષ્ટ સને.૨૦૨૪ ના રોજ મારી સહી તથા કોર્ટનાં સિક્કા કરી આપ્યા.

**સ્થળ : રાજુલા.**
**તા. ૧૭/૦૮/૨૦૨૪**
કોર્ટનો સિક્કો
**સહી.**
**તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ**
**રાજુલા**

**તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ-રાજુલાની કોર્ટમાં મું. રાજુલા.**

જન્મ /મરણ અરજી નંબર / ૨૪૨ /૨૦૨૪

**અરજદાર :-** શ્રી હુસેનભાઈ આમનભાઈ બાંભણીયા
**સરનામું:-** રહે.રાજુલા, તા. રાજુલા, જિ.અમરેલી
**વિરૂધ્ધ**
**સામાવાળા :-**જન્મ-મરણ નોંધણી રજીસ્ટર અને ચીફ ઓફિસરશ્રી, નગરપાલિકા, રાજુલા, તા.રાજુલા, જી.અમરેલી

**-:: નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના રાજુલા **તાલુકાના રાજુલા** ગામના શ્રી **હુસેનભાઈ આમનભાઈ બાંભણીયા ના પુત્ર શ્રી રજાકભાઈ હુસેનભાઈ બાંભણીયા નો જન્મ તા.૧૪/૧૨/૧૯૮૬** ના રોજ જન્મ થયા અંગેની નોંધ કરાવવા તેમના વકીલ **શ્રી. બી. આર.સિંધવ** મારફત અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાના જન્મ નોંધ રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો, તકરાર હોય તો તેમણે સદરહું નોટીસ પ્રસિધ્ધ થયાના ૩૦(ત્રીસ) દિવસમાં નીચે સહિ કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તારીખ. ૧૭, માહે ઓગષ્ટ સને.૨૦૨૪ ના રોજ મારી સહી તથા કોર્ટનાં સિક્કા કરી આપ્યા.

**સ્થળ : રાજુલા.**
**તા. ૧૭/૦૮/૨૦૨૪**
કોર્ટનો સિક્કો
**સહી.**
**તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ**
**રાજુલા**

**જાહેર ચેતાવણી**



શંકર કેવલ રાજેશભાઈ

આથી અમો નીચે સહી જાહેર કરનાર શંકર જીવીબેન વેલજીભાઈ રહે. લાઠી,જી. અમરેલી વાળા આ જાહેર ચેતાવણી આપીએ છીએ કે અમારા પૌત્ર શંકર કેવલ રાજેશભાઈ ઉ.વ. પુખ્ત, રહે. લાઠીવાળા હાલ સુરત વાળા જેઓ અમારા કહયામાં નથી તેમની સાથે અમારે કોઈ સંબંધ નથી. જેથી તેમની સાથે નાણાકીય વહીવટ કરવો નહી. જે ઈસમ/માણસ તેમની સાથે નાણાકીય કે બીજા વ્યવહારો કરશે તેની તમામ જવાબદારી તેમની રહેશે. જેની અમો આજરોજ આ જાહેર ચેતાવણીથી આ જાહેરાત આપેલ છે. અને અમો જાહેર તેમના માટે બંધનકર્તા નથી અમારી કોઈ જવાબદારી નાણાકીય બીજા વહીવટ અન્વયે રહશે નહી. જેની લાગતા-વળગતા સૌ એ નોંધ લેવી અને

સ્થળ-લાઠી
તારીખ: ૧૦/૯/૨૦૨૪

ઘનશ્યામભાઈ શંકર
(જાહેર કરનારની સહી)
મો.૯૪૨૬૩ ૮૪૩૨૧

**તંત્રી લેખ**

# જમ્મુ કાશ્મીરમાં સદરે રિયાસત

જમ્મુ કાશ્મીરમાં જે રાજકીય પક્ષો છે તેમાં બે મુખ્ય પ્રાદેશિક પક્ષો છે જેમાં નેશનલ કોન્ફરન્સ અને પીપલ્સ ડેમોટિક પાર્ટી બંને પક્ષોએ આગામી ચૂંટણી માટે પોતાના ઘોષણાપત્રો પ્રસિદ્ધ કર્યા છે જેમાં ૩૭૦ મી કલમને ફરી વખત લાગુ કરવાની વાત કરવામાં આવી છે. ગત સપ્તાહે અમિત શાહે સ્પષ્ટ જાહેરાત કરી હતી કે ૩૭૦ મી કલમ હવે ઈતિહાસ બની ચૂકી છે જેને લાગુ કરવી કોઈપણ સંજોગોમાં શક્ય જ નથી બીજી બાજુ જમ્મુ કાશ્મીરને એક સ્વાયત રાજ્ય જાહેર કરવાની પણ વાત કરવામાં આવી છે. જેમાં મુખ્યમંત્રીને સર્વ સત્તાધીશ બનાવવામાં આવે અને માત્ર વિદેશી આક્રમણ વખતે જ ભારત સરકાર સહાય કરે આ વસ્તુ પણ બિલકુલ શક્ય નથી આજની તારીખે જમ્મુ કાશ્મીર ભારતનો અવિભાજ્ય ભાગ છે આવી જ રીતે પીઓકે પણ ભારતનો જ ભાગ ગણવામાં આવી રહ્યો છે ત્યાંના લોકો પાકિસ્તાન સાથે રહેવા હરગીજ તૈયાર નથી કારણકે ત્યાં રહેવાથી કોઈ ફાયદો નથી. નથી રોજગારી કે નથી ખાવાની ખીચડી તો સાથે રહીને લોકો શું કરે? આજે તેઓ ભારત સાથે ભળવા માંગે છે. જમ્મુ કાશ્મીરની ચૂંટણીમાં આ વસ્તુ ત્યાંના રાષ્ટ્ર વિરોધી નેતાઓને આંખના કણાની જેમ ખૂચે છે. જમ્મુ-કાશ્મીરના લોકો - મતદારોને ત્રણ દાયકાના આતંક અને અલગતાવાદ પછી હવે ચૂંટણી અને મતાધિકારનો લાભ મળી રહ્યો છે. ૨૦૧૪માં વિધાનસભાની ચૂંટણી પછી લોકસભાની બેઠકો માટે ચૂંટણી થઈ પણ વિધાનસભાની ચૂંટણી દસ વર્ષ પછી થઈ રહી છે. લોકશાહીમાં ચૂંટણીનાં રાજકારણની વાપસી થઈ રહી છે તેમાં જોખમની શક્યતા પણ ભરપૂર છે છતાં બુલેટના બદલે બેલેટ અત્યારે આવકારપાત્ર છે. છતાં બંને પ્રાદેશિક પક્ષો - નેશનલ કૉન્ફરન્સ (એન. સી.) અને પીડીપી - પીપલ્સ ડેમોક્રેટિક પાર્ટીએ એમના ઘોષણાપત્રોમાં અલગતાવાદી માગણીઓ મૂકી છે. અને કૉંગ્રેસે નેશનલ કૉન્ફરન્સ સાથે ચૂંટણી સમજૂતી કરી છે.

જે અલગતાવાદીઓ - ભારતવિરોધી પ્રવૃત્તિ માટે જેલવાસ ભોગવી રહ્યા છે તે પણ અપક્ષ ઉમેદવારો છે! વર્ષ ૨૦૦૦માં અબ્દુલ્લા સરકારે વિધાનસભામાં ઠરાવ પસાર કરીને વર્ષ ૧૯૫૩માં ભારત સાથે જેવા સંબંધ હતા તેવા જ સંબંધ ફરીથી રાખવાની - એવી સ્વાયત્ત સત્તાની માગણી કરી હતી. ૨૦૨૪માં આવો ઠરાવ ફરીથી પસાર કરવા માગે છે. આનો અર્થ એ થયો કે માત્ર સંરક્ષણ, સંદેશ વ્યવહાર અને વિદેશી બાબતો ભારતના હાથમાં હોય બાકીની તમામ સત્તા રાજ્યને મળે અને રાજ્યના વડા - સદરે રિયાસત - ગણાય! પીડીપીએ પણ પાકિસ્તાન સાથે વાટાઘાટ કરીને આખરી ફેંસલો કરવાનું વચન આપ્યું છે. વર્ષ ૧૯૪૭ પહેલાંની સ્થિતિ લાવવી છે! પાકિસ્તાનના અંકુશ હેઠળના કાશ્મીર વિસ્તારની માગણી ભારતના કાશ્મીર સાથે જોડાવાની છે. આ કમનસીબ કાશ્મીરીઓ પાકિસ્તાની જુલ્મ સામે આંદોલન કરે છે ત્યારે આપણા કાશ્મીરી નેતાઓ સ્વાયત્ત - અર્થાત્ આઝાદ બનવાના ખ્વાબ જોઈ રહ્યા છે! કૉંગ્રેસે ફારુક અબ્દુલ્લા સાથે સમજૂતી કરીને જમ્મુ વિસ્તારમાં ૩૨ બેઠકો ઉપર ઉમેદવારો ઊભા રાખ્યા છે અને અબ્દુલ્લાએ ૫૧ બેઠકો રાખી છે. પીડીપી - મેહબૂબા મુફ્તી રાષ્ટ્રીય તખતા ઉપર કૉંગ્રેસના ઈન્ડિ. મોરચામાં છે પણ કાશ્મીરમાં મોરચાથી અલગ છે!

# ભગવાન ગણેશ સર્વ વ્યાપક અને સર્વકાલીન હોવા છતાં તેના આઠ સ્વરૂપો સર્વોત્તમ છે

રિદ્ધિ સિદ્ધિ સહિત અષ્ટ વિનાયકના દિવ્ય દર્શનોની યાત્રા દર વર્ષે મહારાષ્ટ્રમાં યોજાય છે. જેમાં ભગવાન ગણેશના આઠ મુખ્ય મંદિરના દર્શન કરવામાં આવે છે. સ્વયંભૂ પ્રગટ થયેલા ગણપતિના દિવ્યદર્શનની યાત્રા અનોખી છે. ભગવાન ગણેશની પરમશક્તિ સર્વ વ્યાપક છે. સર્વકાલીન છે. દરેક પ્રતિમામાં તેઓ બિરાજમાન છે. મહારાષ્ટ્ર રાજ્યમાં આઠ અલગ-અલગ જગ્યાએ સ્થિત ગણપતિના પાવન મંદિરો આવેલા છે. આ આઠ અષ્ટવિનાયક મંદિરો સ્વયંભુ છે. જેમાં મોરગાંવનું મયુરેશ્વર મંદિર, રાજણગાંવનું મહાગણપતિ મંદિર, થેઉરનું ચિંતામણિ મંદિર, લેણ્યાદ્રીનું ગિરિજાત્મક મંદિર, ઓઝારનું વિઘ્નેશ્વર મંદિર, સિદ્ધટેકનું સિદ્ધિવિનાયક મંદિર, પાલીનું શ્રી બલ્લાલેશ્વર મંદિર અને મહાડનું વરદ વિનાયક મંદિર; આ તમામ પવિત્ર મંદિરોનો અષ્ટવિનાયક યાત્રામાં સમાવેશ થાય છે.




**૧. મયુરેશ્વર મંદિર**

મોરગાંવ અષ્ટવિનાયક યાત્રામાં પ્રથમ છે મયુરેશ્વર મંદિર જે મહારાષ્ટ્રના પૂણે જીલ્લાના પુરંદર તાલુકામાં મોરગાંવની મધ્યે આવેલું છે. મયુરેશ્વરના આકારમાં મોરની સવારી કરતા ભગવાન ગણેશની મૂર્તિએ આ સ્થળે સિંધુ રાક્ષસનો વધ કર્યો હોવાનું મનાય છે. આ સ્થળે આજે પણ મોરનો ટહુકો સંભળાય છે. પ્રાચીન કથા મુજબ આ સ્થળે અસંખ્ય મોર વસતા હતા અને ભગવાન ગણેશજીએ અસુરોનો વિનાશ મોર પર બિરાજમાન થઈ કર્યો હોવાથી આ સ્થળ મયુરેશ્વર કે મોરેશ્વરથી ઓળખાય છે. ગામની પાસે જ કર્હા નદીના જળ અવિરત વહે છે. ગણેશજીના આ મંદિરની ભવ્યતા અદભૂત છે. કાળા પથ્થરમાંથી બનેલા આ મંદિરમાં ૪ દરવાજા છે, મંદિરના ચારે ખૂણામાં સ્તંભો આવેલા છે. તથા મંદિરની આઠેય દિશામાં ગણેશજીના આઠ સ્વરૂપની પ્રતિમાઓ પ્રસ્થાપિત કરવામાં આવેલી છે. મંદિરના ગર્ભગૃહમાં ભગવાન મયૂરેશ્વરની ડાબી સૂંઢવાળી પૂર્વાભિમુખ પ્રસન્ન મુદ્રામાં મૂર્તિ છે. મૂર્તિની આજુબાજુ રિધ્ધિ-સિધ્ધિની ધાતુની સુંદર મૂર્તિઓ આવેલી છે. તથા તેની સામે જ ગણેશજીના વાહન ઉંદર તથા મોરની પ્રતિમાઓ દર્શનીય છે.

**૨. ચિંતામણિ મંદિર**

થેઉર અષ્ટવિનાયક યાત્રામાં દ્વિતીય છે ચિંતામણિ વિનાયક મંદિર જે મહારાષ્ટ્રના પૂના જીલ્લાના હવેલી તાલુકાના થેઉર ગામે મૂળા-મૂઠા નદીના કિનારે આવેલું છે. અહીં ગણેશજીની મૂર્તિએ ગળામાં ચિંતામણી રત્ન ધારણ કરેલું હોવાથી તે ચિંતામણીના નામથી પ્રસિધ્ધ થયા. ચિંતામણિ વિનાયકના આ મંદિરનું મુખ્ય પ્રવેશદ્વાર ઉત્તરાભિમુખ છે. અહીં ભગવાન શ્રી ચિંતામણીની ડાબી સૂંઢ ધરાવતી મૂર્તિ પૂર્વાભિમુખ પલાંઠી વાળીને બિરાજમાન છે. મંદિરનો સભાખંડ લાકડામાં પ્રાચીન કલાત્મકતા કોતરણીથી બનાવેલો છે.

**૩. મહાગણપતિ મંદિર**

રાજણગાંવ અષ્ટવિનાયક યાત્રાનું ત્રીજું પવિત્ર ધામ છે. શ્રી મહાગણપતિ, જે પૂનાથી લગભગ ૩૧ કિમીના અંતરે શિરૂર તાલુકાના રાજણગાંવમાં આવેલું

**પ્રાસંગિક**
**સુરેશ દેસાઈ**

છે. અહીં શ્રી ગણેશજીને મહોત્કટ (મહાગણપતિ)ના નામથી ઓળખવામાં આવે છે. ભવ્ય અને આકર્ષક મંદિર ૯મી થી ૧૦મી સદીના મધ્યમાં બનેલું હોવાનું માનવામાં આવે છે. તેની બાજુમાં તળાવ આવેલું છે. મંદિર પૂર્વાભિમુખ છે. અને તેની ઉત્તર તથા દક્ષિણ દિશામાંથી સૂર્યના કિરણો ભગવાન શ્રી મહાગણપતિની મૂર્તિ પર પથરાય તે રીતે પ્રસ્થાપિત કરવામાં આવી છે. પૂર્વાભિમુખ ડાબી સૂંઢવાળા શ્રી મહાગણપતિ પહોળા કપાળ સાથે પલાંઠી વાળેલી મુદ્રામાં બેઠા છે.

**૪. સિદ્ધિવિનાયક મંદિર,** સિદ્ધટેક અષ્ટવિનાયક યાત્રાનો ચોથો પડાવ છે શ્રી સિધ્ધિવિનાયક મંદિર, જે મહારાષ્ટ્રના અહમદનગર જીલ્લાના કર્જત તાલુકાના સિધ્ધટેક ખાતે ભીમા નદીના સામા કિનારે આવેલું છે. શ્રધ્ધાળુઓ મંદિર સુધી પહોંચવા નદી હોડીમાં પાર કરીને અથવા તો સેતુ દ્વારા પહોચી શકે છે. કુદરતી સૌંદર્યથી ભરપૂર આ સ્થળે ભગવાન ગણેશની ૩ ફૂટ ઊંચી અને ૨.૫ ફૂટ પહોળી જમણી સૂંઢવાળી સ્વયંભુમૂર્તિ છે. મૂર્તિ ઉત્તર દિશા તરફ છે. ભગવાન શ્રી ગણેશ અહીં પલાંઠી વાળી બિરાજમાન છે, રિદ્ધિ અને સિદ્ધિ એક જાંઘ પર બેઠા છે. અહીં સૂર્ય, ચંદ્ર, ગરૂડની આકૃતિની મધ્યમાં નાગરાજ બિરાજમાન છે. પેશ્વાકાલિન આ મંદિર વિશાળ ઓટલા પર આવેલું છે. ભગવાન શ્રી ગણેશજીની મૂર્તિ પહાડના એક ખૂણામાં સ્થાપિત હોવાથી શ્રધ્ધાળુઓ અહીં પહાડની પ્રદક્ષિણા કરે છે. મંદિર તરફનો મુખ્ય માર્ગ પેશ્વાના સેનાપતિ હરિપંત ફડકેના માધ્યમથી બાંધવામાં આવ્યો હોવાનું માનવામાં આવતું છે. આંતરિક ગર્ભગૃહ, ૧૫ ફૂટ ઊંચો અને ૧૦ ફૂટ પહોળો પુણ્યશ્લોક અહલ્યાબાઈ હોલકરના માર્ગે બાંધવામાં આવ્યો છે. આ મૂર્તિ ૩ ફૂટ ઊંચી અને ૨.૫ ફૂટ પહોળી છે.

**૫. વિઘ્નેશ્વર મંદિર,**

ઓઝરશ્રી વિઘ્નેશ્વરના નામથી બિરાજમાન મહારાષ્ટ્રના જુન્નર તાલુકાના ઓઝર ગામમાં કુકડી નદીના કિનારે આવેલું અષ્ટવિનાયક યાત્રાનું પાંચમું ધામ છે. આ મંદિર અષ્ટવિનાયક સ્થાનોમાં સૌથી વધુ સમૃધ્ધ છે. અહીં મંદિરનું શિખર સોનાનું બનેલું છે તથા મંદિરની ચારેબાજુ પથ્થરની દિવાલ છે. તથા શ્રી વિઘ્નેશ્વર વિનાયકની મૂર્તિ પૂર્વાભિમુખ ડાબી સૂંઢવાળી છે. શ્રી વિઘ્નેશ્વરની બંને તરફ રિધ્ધિ-સિધ્ધિની મૂર્તિ પ્રસ્થાપિત કરવામાં આવેલી છે. અહીંથી શિવનેરી કિલ્લો તથા લેણ્યાદ્રી પર્વત જોઈ શકાય છે. શ્રધ્ધાળુઓ શ્રી વિઘ્નેશ્વરના દર્શન માત્રથી દરેક પ્રકારના દુ:ખો ભૂલી જાય છે. અહીં કાર્તિક પૂર્ણિમા મેળો ભરાય છે, ચાર દિવસ સુધી અહીં ઉત્સવો ઉજવાય છે

**૬. ગિરિજાત્મજ મંદિર,**

લેણ્યાદ્રી અષ્ટવિનાયક યાત્રાનું છઠ્ઠુ ધામ મહારાષ્ટ્રના પૂનાથી લગભગ ૬૦ કિ.મી.ના અંતરે લેણ્યાદ્રી પર્વત પર આવેલી બૌધ્ધકાલીન ગુફાઓમાં આવેલું છે. આ મંદિર બૌદ્ધ મૂળની ૧૮ ગુફાઓના ગુફા સંકુલની વચ્ચે આવેલું છે. આ મંદિર ૮મી ગુફા મધ્યે છે. આને ગણેશ-લેની તરીકે પણ ઓળખવામાં આવે છે. કુદરતી સૌંદર્ય અને રમણીય વાતાવરણ વચ્ચે આવેલું આ મંદિર ૫૦ ફૂટ પહોળું અને ૬૦ ફૂટ લાંબું છે. જે કોઈપણ સ્તંભના આધાર વગર અડીખમ ઉભું છે. 'ગિરિજાત્મજ વિનાયક'ના નામથી બિરાજમાન ગણેશજીની મૂર્તિ ગુફાની દિવાલ પર સુંદર રીતે કંડારવામાં આવેલી છે. જે ઉત્તરાભિમુખ છે.

પહાડી સુધી પહોચવા માટે અંદાજીત ૩૨૫ જેટલાં પગથીયા ચઢીને ગુફા સુધી પહોચી શકાય છે. ગુફાઓની સામ્યતા અજંતાની ગુફાઓ જેવી છે. શ્રધ્ધાળુઓ અહીં દર્શન કરી ધન્યતા અનુભવે છે.

**૭. બલ્લાળેશ્વર મંદિર,**

અષ્ટવિનાયક યાત્રાનું સાતમું સ્થાનક મહારાષ્ટ્રના રાયગઢ જીલ્લાના સુધાગઢ તાલુકાના પાલી ગામે આવેલું છે. અહીં શ્રીગણેશ બલ્લાળેશ્વરના નામથી પ્રસિધ્ધ છે. પ્રાચીન કથા મુજબ અહીં પાલી ગામનો એક વેપારી પુત્ર બલ્લાળ ગણેશભકત હતો, તેની અથાગ શ્રધ્ધા અને તપથી પ્રસન્ન થઈ અહીં ભગવાન ગણેશ શ્રી બલ્લાળ વિનાયકના નામથી બિરાજમાન છે. મૂળ લાકડાનું મંદિર ૧૭૬૦માં નાના ફડણવીસની મદદથી પથ્થરના મંદિરમાં પુનઃનિર્માણ થયું છે. મૂર્તિ, સિંહાસન પર બેઠેલી પીપળાનાં ઝાડની જેમ કોતરવામાં આવી છે. ૮ સ્તંભો ૮ દિશાઓ દર્શાવે છે. આંતરિક ગર્ભગૃહ ૧૫ ફૂટ ઊંચું છે અને બહારનું ગર્ભગૃહ ૧૨ ફૂટ ઊંચું છે. બલ્લાળેશ્વર મંદિરની મુખ્ય વિશેષતા એ છે કે અહીં સભામંડપમાં થઈને સૂર્યોદયના સમયે સૂર્યના પ્રથમ કિરણો શ્રી ધુણ્ડિવિનાયકની (બલ્લાળ વિનાયક) સ્વયંભૂ મૂર્તિ પર પથરાય છે. તેવી રીતે મંદિરનું બાંધકામ કરવામાં આવેલું છે.

**૮. વરદ વિનાયક મંદિર,**

મહાડ : અષ્ટવિનાયક યાત્રાનું આઠમું મંદિર મહારાષ્ટ્રના ખાલાપુર તાલુકામાં મહાડ ખાતે આવેલું છે. અહીં ભગવાન શ્રી ગણેશ વરદ વિનાયકના નામથી બિરાજમાન છે. મંદિર પૂર્વાભિમુખ છે. તથા ભગવાન શ્રી ગણેશની મૂર્તિની સૂંઢ ડાબી તરફ છે. આ સ્થળ મહડમઢના નામથી પણ ઓળખવામાં આવે છે. મંદિરને દૂરથી જોતા તેનો દેખાવ કોઈ મકાન જેવો લાગે છે. વરદ વિનાયકની મૂર્તિ ગર્ભગૃહની બહાર પ્રસ્થાપિત કરવામાં આવેલી છે. પૌરાણિક કથા મુજબ આ સ્થળનું પ્રાચીન નામ તીપ્રક હતું અને અહીં સંતો મહંતો તથા ઋષિમુનિઓ તપમાં લીન રહેતા, ઋષિ ગૃત્સમદના તપથી પ્રસન્ન થઈ ભગવાન ગણેશે તેમને દર્શન આપ્યા અને અહીં ઋષિ ગૃત્સમદે મંદિરનું નિર્માણ કરાવ્યું.

# માર્કેટયાર્ડના ભાવ

| | | |
|---|---|---|
| **રાજકોટ** | | |
| કપાસ બી.ટી. | ૧૩૦૦ | ૧૭૧૫ |
| ઘઉં લોકવન | ૫૪૦ | ૫૯૦ |
| ઘઉં ટુકડા | ૫૪૫ | ૬૨૦ |
| જુવાર સફેદ | ૭૩૦ | ૮૧૫ |
| જુવાર પીળી | ૪૦૦ | ૪૫૬ |
| બાજરી | ૪૩૦ | ૫૦૦ |
| તુવેર | ૧૮૦૦ | ૨૨૩૦ |
| ચણા પીળા | ૧૩૧૦ | ૧૪૫૭ |
| ચણા સફેદ | ૧૬૨૫ | ૨૯૧૦ |
| અડદ | ૧૫૯૦ | ૧૮૦૮ |
| મગ | ૧૦૪૦ | ૧૭૮૧ |
| વાલ દેશી | ૧૨૦૦ | ૨૧૦૧ |
| ચોળી | ૨૮૦૦ | ૨૮૦૦ |
| મઠ | ૮૯૨ | ૮૯૨ |
| વટાણા | ૧૨૫૦ | ૨૭૫૦ |
| સીંગદાણા | ૧૩૮૦ | ૧૬૦૦ |
| મગફળી જાડી | ૯૮૦ | ૧૧૬૦ |
| મગફળી જીણી | ૯૯૦ | ૧૧૨૦ |
| તલી | ૨૦૦૦ | ૨૬૨૦ |
| એરંડા | ૧૧૦૦ | ૧૧૯૪ |
| અજમો | ૧૩૦૦ | ૨૬૫૦ |
| સુવા | ૧૪૫૦ | ૧૭૪૦ |
| સોયાબીન | ૮૬૦ | ૮૯૦ |
| સીંગફાડા | ૯૫૦ | ૧૨૭૫ |
| કાળા તલ | ૩૧૫૦ | ૩૫૮૦ |
| લસણ | ૩૩૫૧ | ૫૧૦૦ |
| ધાણા | ૧૧૮૦ | ૧૪૪૦ |
| ધાણી | ૧૨૧૦ | ૧૬૧૧ |
| વરીયાળી | ૧૦૫૦ | ૧૩૨૦ |
| જીરૂ | ૪૩૦૦ | ૪૭૯૫ |
| રાય | ૧૦૬૦ | ૧૩૭૪ |
| મેથી | ૧૦૦૦ | ૧૩૭૫ |
| ઇસબગુલ | ૧૫૦૦ | ૨૩૭૦ |
| રાયડો | ૯૫૦ | ૧૦૮૧ |
| રજકાનું બી | ૪૮૦૦ | ૫૭૨૦ |
| **રાજકોટ (શાકભાજી)** | | |
| લીંબુ | ૧૫૦૦ | ૨૮૦૦ |
| બટેટા | ૩૦૦ | ૬૨૧ |
| ડુંગળી સુકી | ૨૨૦ | ૮૩૦ |
| ટમેટા | ૩૦૦ | ૬૦૦ |

| | | |
|---|---|---|
| સુરણ | ૧૧૦૦ | ૧૩૦૦ |
| કોથમરી | ૩૨૦૦ | ૪૧૦૦ |
| મુળા | ૩૦૦ | ૬૦૦ |
| રીંગણા | ૮૦૦ | ૧૨૦૦ |
| કોબીજ | ૩૦૦ | ૫૦૦ |
| ફ્લાવર | ૫૦૦ | ૭૦૦ |
| ભીંડો | ૩૦૦ | ૫૦૦ |
| ગુવાર | ૮૦૦ | ૧૪૦૦ |
| ચોળાસીંગ | ૧૦૦૦ | ૧૩૫૦ |
| વાલોળ | ૮૫૦ | ૧૨૩૦ |
| ટીંડોળા | ૧૨૦૦ | ૧૫૦૦ |
| દુધી | ૪૦૦ | ૬૦૦ |
| કારેલા | ૪૫૦ | ૮૦૦ |
| સરગવો | ૧૦૦૦ | ૧૪૦૦ |
| તુરીયા | ૫૦૦ | ૮૦૦ |
| પરવર | ૧૧૦૦ | ૧૩૫૦ |
| કાકડી | ૩૦૦ | ૬૦૦ |
| ગાજર | ૩૫૦ | ૬૫૦ |
| કંટોળા | ૮૦૦ | ૧૧૦૦ |
| ગલકા | ૬૦૦ | ૮૦૦ |
| બીટ | ૩૩૦ | ૫૨૦ |
| મેથી | ૩૦૦૦ | ૪૨૦૦ |
| ડુંગળી લીલી | ૩૦૦ | ૮૦૦ |
| આદુ | ૧૦૦૦ | ૧૭૫૦ |
| મરચા લીલા | ૮૦૦ | ૧૦૦૦ |
| મગફળી લીલી | ૪૫૦ | ૭૦૦ |
| મકાઇ લીલી | ૧૦૦ | ૩૦૦ |
| **અમરેલી** | | |
| શિંગ મોટી | ૯૦૧ | ૧૧૦૬ |
| શિંગદાણા | ૧૦૦૦ | ૧૩૫૨ |
| તલ સફેદ | ૧૭૦૦ | ૨૭૪૬ |
| તલ કાળા | ૨૨૦૦ | ૩૫૫૦ |
| તલ કાશ્મીરી | ૨૮૨૯ | ૩૩૩૩ |
| બાજરો | ૪૨૯ | ૫૨૩ |
| જુવાર | ૫૦૦ | ૮૩૩ |
| ઘઉં ટુકડા | ૪૬૦ | ૬૧૬ |
| ઘઉં લોકવન | ૫૪૦ | ૫૮૯ |
| મગ | ૧૪૭૬ | ૧૫૦૨ |
| અડદ | ૧૩૦૦ | ૧૬૫૦ |
| ચણા | ૧૦૪૦ | ૧૫૧૨ |
| કપાસ | ૮૪૦ | ૧૬૮૦ |

| | | |
|---|---|---|
| એરંડા | ૯૬૨ | ૧૦૭૫ |
| જીરું | ૩૬૭૫ | ૪૬૫૦ |
| ધાણા | ૯૭૦ | ૧૨૩૦ |
| મેથી | ૭૪૦ | ૧૦૯૯ |
| સોયાબીન | ૭૯૭ | ૮૪૭ |
| કાંગ | ૧૦૩૫ | ૧૦૩૫ |
| રજકાનું બી | ૪૩૭૫ | ૪૮૭૫ |
| **સાવરકુંડલા** | | |
| શીંગ જીણી | ૧૧૦૦ | ૧૧૨૧ |
| શીંગ મોટી | ૧૧૦૦ | ૧૧૪૧ |
| શીંગ દાણા | ૧૨૦૧ | - |
| તલ સફેદ | ૨૧૦૦ | ૨૫૭૦ |
| જીરૂ | ૩૮૫૦ | ૪૫૦૫ |
| કપાસ | ૧૪૦૦ | ૧૬૫૦ |
| ઘઉં લોકવન | ૫૦૦ | ૬૦૨ |
| ઘઉં ટુકડા | ૫૨૫ | ૬૨૬ |
| બાજરો | ૪૦૦ | ૪૯૫ |
| જુવાર | ૪૫૦ | ૭૮૬ |
| ચણા | ૧૩૦૦ | ૧૫૦૦ |
| સોયાબીન | ૭૯૯ | ૭૯૯ |
| **અમરેલી (શાકભાજી)** | | |
| બટેટા | ૩૩૦ | ૫૨૦ |
| રીંગણાં | ૮૦૦ | ૯૦૦ |
| ફુલાવર | ૫૦૦ | ૬૦૦ |
| કોબીજ | ૩૫૦ | ૫૦૦ |
| ટામેટા | ૫૦૦ | ૬૦૦ |
| સુરણ | ૧૫૫૦ | ૧૬૮૪ |
| ગાજર | ૫૦૦ | ૬૨૦ |
| દૂધી | ૫૦૦ | ૬૦૦ |
| કરેલા | ૫૫૦ | ૬૦૦ |
| ગલકા | ૭૩૦ | ૮૦૦ |
| કાકડી | ૫૦૦ | ૫૯૦ |
| ગુવાર | ૯૦૦ | ૧૨૦૦ |
| ચોળાલીલાં | ૫૦૦ | ૭૦૦ |
| તુરીયા | ૭૫૦ | ૮૫૦ |
| ભીંડો | ૪૩૦ | ૫૨૦ |
| આદુ | ૯૦૦ | ૧૦૦૦ |
| કોથમીર | ૨૫૦૦ | ૩૫૦૦ |
| મેથીભાજી | ૧૮૫૦ | ૨૦૩૦ |
| ફુદીનો | ૮૫૦ | ૯૦૦ |
| ટીંડોરા | ૮૫૦ | ૯૫૦ |

| | | |
|---|---|---|
| બીટ | ૪૨૦ | ૫૦૦ |
| સરગવો | ૬૦૦ | ૭૦૦ |
| લીમડો મીઠો | ૧૦૦ | ૧૨૦ |
| મરચા લીલા | ૬૫૦ | ૧૧૦૦ |
| ડુંગળી સૂકી | ૪૨૦ | ૮૦૦ |
| ડુંગળી લીલી | ૪૦૦ | ૫૦૦ |
| લસણ સૂકું | ૫૦૦૦ | ૫૫૦૦ |
| લીંબુ | ૧૮૦૦ | ૨૦૫૦ |
| પાલક | ૮૦૦ | ૧૦૦૦ |
| **ભેસાણ** | | |
| કપાસ | ૧૩૦૦ | ૧૬૦૫ |
| ઘઉં | ૪૫૦ | ૫૭૦ |
| મગ | ૧૦૦૦ | ૧૫૮૧ |
| ચણા | ૧૦૦૦ | ૧૪૬૦ |
| મગફળી | ૮૦૦ | ૧૦૩૨ |
| એરંડા | ૧૦૦૦ | ૧૧૪૧ |
| તલ સફેદ | ૧૫૦૦ | ૨૩૫૦ |
| ધાણા | ૮૦૦ | ૧૨૭૨ |
| સોયાબીન | ૭૫૦ | ૮૩૭ |
| **બાબરા** | | |
| કપાસ | ૧૪૪૯ | ૧૬૮૧ |
| મગ | ૧૪૧૦ | ૧૮૦૦ |
| જીરૂ | ૪૦૪૫ | ૪૬૪૫ |
| ઘઉં | ૪૮૯ | ૫૬૧ |
| ચણા | ૧૩૮૯ | ૧૪૭૧ |
| **ધારી** | | |
| કપાસ | ૧૦૯૧ | ૧૫૫૫ |
| ઘઉં | ૫૩૧ | ૫૮૧ |
| મગ | ૧૪૭૦ | ૧૪૭૦ |
| તલ | ૧૮૦૦ | ૧૮૦૦ |
| સોયાબીન | ૮૧૫ | ૮૧૫ |
| **રાજુલા** | | |
| શીંગ | ૫૦૦ | ૯૬૦ |
| તલ સફેદ | ૨૪૨૮ | ૨૭૦૭ |
| કપાસ | ૧૦૦૧ | ૧૬૬૦ |
| બાજરો | ૪૬૧ | ૫૪૦ |
| ઘઉ ટુકડા | ૫૦૦ | ૬૬૨ |
| જુવાર | ૪૭૦ | ૮૬૧ |
| સોયાબીન | ૮૦૨ | ૮૧૯ |
| **ખાંભા** | | |
| કપાસ | ૧૦૨૧ | ૧૨૯૧ |

| | | |
|---|---|---|
| મગ | ૧૫૦૦ | ૧૫૦૮ |
| ચણા | ૧૨૭૬ | ૧૨૭૬ |
| જુવાર સફેદ | ૮૧૩ | ૭૫૯ |
| એરંડા | ૧૦૬૧ | ૧૦૬૧ |
| તલ સફેદ | ૨૪૦૦ | ૨૪૦૦ |
| તલ કાળા | ૨૯૫૧ | ૨૯૫૧ |
| ઘઉં | ૫૦૧ | ૫૦૧ |
| **બગસરા** | | |
| કપાસ | ૧૦૦૦ | ૧૬૦૨ |
| ચણા | ૧૦૦૦ | ૧૩૫૫ |
| ધાણા | ૯૦૦ | ૧૨૦૩ |
| ઘઉં લોકવન | ૪૭૨ | ૫૨૨ |
| ઘઉં ટુકડા | ૫૦૦ | ૫૫૦ |
| અડદ | ૧૬૨૫ | ૧૬૨૫ |
| મગ | ૧૩૨૦ | ૧૩૨૦ |
| તલ સફેદ | ૧૯૦૦ | ૨૨૭૦ |
| સોયાબીન | ૬૦૦ | ૮૪૨ |
| **મહુવા** | | |
| શીંગ-નવી | ૪૨૮ | ૮૨૮ |
| શીંગ નં ૩૨ | ૧૦૫૬ | ૧૦૫૬ |
| જુવાર | ૪૦૦ | ૮૨૧ |
| બાજરી | ૪૦૯ | ૫૧૫ |
| ઘઉં ટુકડા | ૪૬૦ | ૬૩૦ |
| મકાઈ | ૬૬૫ | ૬૬૫ |
| મેથી | ૧૧૦૦ | ૧૧૦૦ |
| મગ | ૯૭૮ | ૧૯૦૦ |
| રાય | ૧૧૯૩ | ૧૧૯૩ |
| સોયાબીન | ૭૬૦ | ૮૮૧ |
| ચણા | ૧૩૧૭ | ૧૪૨૨ |
| તલ સફેદ | ૨૦૫૦ | ૨૭૦૦ |
| તલ કાળા | ૨૮૫૫ | ૨૮૫૫ |
| તુવેર | ૧૫૦૦ | ૧૬૩૫ |
| જીરૂ | ૪૨૦૦ | ૪૨૦૦ |
| ડુંગળી લાલ | ૧૪૦ | ૮૨૦ |
| ડુંગળી સફેદ | ૨૬૨ | ૫૧૮ |
| કપાસ | ૯૦૦ | ૧૩૬૫ |
| નાળીયેર | ૪૮૦ | ૧૮૭૦ |
| **કોડીનાર** | | |
| મગફળી જી-૨૦ | ૧૦૦૦ | ૧૧૬૮ |
| બાજરી | ૪૦૦ | ૫૨૧ |
| ઘઉં | ૫૦૦ | ૬૧૨ |

| | | |
|---|---|---|
| સફેદ તલ | ૨૨૫૦ | ૨૫૭૮ |
| કાળા તલ | ૨૮૫૦ | ૩૬૪૦ |
| સોયાબીન | ૮૦૦ | ૮૮૦ |
| જુવાર | ૬૦૦ | ૮૧૯ |
| અડદ | ૧૫૦૦ | ૧૭૦૦ |
| મગ | ૧૪૫૦ | ૧૬૮૦ |
| ચણા | ૧૨૧૧ | ૧૪૦૬ |
| રજકો | ૩૮૦૦ | ૫૦૦૦ |
| **ગોંડલ** | | |
| કપાસ બી. ટી. | ૧૧૧૧ | ૧૬૫૧ |
| ઘઉં લોકવન | ૫૪૦ | ૬૩૦ |
| ઘઉં ટુકડા | ૫૨૬ | ૬૩૨ |
| મગફળી જીણી | ૮૧૧ | ૧૧૪૬ |
| સિંગદાણા જાડા | ૧૧૦૦ | ૧૪૮૧ |
| સિંગ ફાડીયા | ૯૨૧ | ૧૨૫૧ |
| એરંડા / એરંડી | ૯૬૧ | ૧૧૯૧ |
| તલ કાળા | ૨૨૫૧ | ૩૫૦૧ |
| જીરૂ | ૩૫૫૧ | ૪૮૭૧ |
| ધાણા | ૮૦૦ | ૧૫૫૧ |
| લસણ સુકું | ૧૮૫૧ | ૫૮૮૧ |
| ડુંગળી લાલ | ૧૫૧ | ૭૫૬ |
| અડદ | ૧૨૫૧ | ૧૮૦૧ |
| તુવેર | ૧૮૫૧ | ૨૧૨૧ |
| રાયડો | ૮૦૧ | ૧૦૬૧ |
| મેથી | ૧૦૨૬ | ૧૧૭૧ |
| મગફળી જાડી | ૭૬૧ | ૧૧૯૬ |
| સફેદ ચણા | ૧૪૨૧ | ૨૮૦૧ |
| મગફળી નવી | ૬૦૦ | ૧૧૯૧ |
| તલ – તલી | ૧૭૦૦ | ૨૬૬૧ |
| ધાણી | ૧૦૦૦ | ૧૭૦૧ |
| બાજરો | ૨૫૧ | ૪૯૧ |
| જુવાર | ૪૦૧ | ૮૫૧ |
| મકાઇ | ૩૫૧ | ૫૪૧ |
| મગ | ૧૩૩૧ | ૧૬૩૧ |
| ચણા | ૧૩૦૧ | ૧૪૫૧ |
| વાલ | ૫૫૧ | ૨૦૨૬ |
| વાલ પાપડી | ૫૩૧ | ૧૮૭૬ |
| ચોળા / ચોળી | ૮૦૧ | ૩૧૦૧ |
| સોયાબીન | ૭૬૧ | ૮૭૧ |
| ગોગળી | ૫૫૧ | ૮૯૧ |
| વટાણા | ૩૦૧ | ૭૫૧ |

# શબ્દ સંજોગ-૧૮૬૮



**આડી ચાવી :**
(૧) માતા, મમ્મી (૩)
(૩) એ મીઠી વાનગી (૩)
(૬) પતિની બીજી સ્ત્રી (૨)
(૭) જેમા નાડુ ઘાલવામાં આવે છે તે ચણિયા કે સુરવાલની ખોલ (૨)
(૮) એક નક્ષત્ર (૩)
(૧૦) દાની કરે (૨)
(૧૨) ઔષધિના ગુણવાળુ મૂળિયુ (૨)
(૧૪) ફુલ વગેરે ઉપાડી લઈ સંધ્યાકાળે દેવસ્થાન ધોવુ તે (૩)
(૧૭) ખર્ચ, વાપર (૩)
(૧૮) કવાયત (૩)
(૧૯) એક રાશિ (૨)
(૨૨) રામના પ્રપિતામહ (૨)
(૨૪) અસ્તવ્યસ્ત, વેરણ ખેરણ (૬)
(૨૭) ઔષધીઓ અને સુકોમેવો નાખી બનાવેલ પાક (૩)
(૨૯) દેવા પેટે આડમાં કાંઈ મૂકવુ તે (૨)
(૩૦) લડાઈ (૩)
(૩૧) જેઠ વદ ૧૧ એટલે..... એકાદશી (૩)
(૩૨) સંગીતમાં પંચમ સ્વરની સંજ્ઞા (૧)

**ઉભી ચાવી :**
(૧) શ્રી કૃષ્ણની માતા (૩)
(૨) ચોખ્ખી દાનત (૫)
(૩) તમાચો, થપ્પડ (૨)
(૪) એક મીઠી વાનગી (૨)
(૫) દીકરાની ફોઈની દીકરી (૨)
(૭) પ્રેમ, પ્યાર (૨)
(૯) મેંદી (૨)
(૧૧) ....હરણ (૨)
(૧૩) ટોચકુ, ટેરવુ (૩)
(૧૪) ચોકિયાત (૨)
(૧૫) પીડા, ઉપાધિ (૨)
(૧૬) ગાંડાપણુ, ગાંડાઈ (૪)
(૧૭) ઘોડો અને ગધેડો એ બંનેની મિશ્ર જાતિનું પ્રાણી (૩)
(૨૦) ઉમેરો, ભરેલુ નાણુ (૩)
(૨૧) કચ્ચર...નીકળી ગયો (૨)
(૨૩) એક પક્ષી (૩)
(૨૫) બહેન (૩)
(૨૬) હેરાનગતિ, મોતના જેવુ દુઃખ (૨)
(૨૮) .....તાળી (એક રમત) (૨)

## શબ્દ સંજોગ-૧૮૬૭ જવાબ

**આડી ચાવી :** (૧) નચિકેતા (૪) ફાંદ (૭) શરદ (૯) મદાર (૧૦) રખવ(વરખ) (૧૧) શારદા (૧૨) મન (૧૩) ટીખળ (૧૬) કનક (૧૮) શમશેર (૨૦) સત (૨૪) ટકોર (૨૬) વેઢમી (૨૭) ખાલી (૨૮) સરોજ.
**ઉભી ચાવી:** (૧) નકોરડો (૨) કેશવ (૩) તાર (૫) દમદાટી (૬) પરસાળ (૮) દશાનન (૧૨) મકાર (૧૪) ખગ્રાસ (૧૫) સામ (૧૭) કદ (૧૯) શેતુર (૨૧) તજવીજ (૨૨) હવેલી (૨૩) ખમીસ (૨૫) કોલુ.

Printed and Published by Vasantbhai Bavabhai Movliya on behalf of Director Sanjog India News Private Limited. Printed at Sanjog Press, Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi, near bypaas Amreli -365601 and published at Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi near bypass amreli. Editor Vasantbhai Bavabhai Movliya Resident Editor : N. B. Desai (Responsible for the selection of News Under PRB Act (c). phone : 02792-225225, RNI.No.:GUJ GUJ/2017/75270, Title code : GUJ GUJ 16801

# ગુજરાત પર ત્રણ સિસ્ટમ સક્રિય: દક્ષિણ, મધ્ય અને ઉત્તર ગુજરાતમાં વરસાદની આગાહી

**છોટાઉદેપુરમાં અતિભારે વરસાદની આગાહી સાથે ઓરેન્જ એલર્ટ**




અમદાવાદ,તા.૧૧

હવામાન વિભાગના ડાયરેક્ટર એ.કે. દાસના જણાવ્યા અનુસાર હાલમાં ગુજરાત પર ત્રણ વરસાદી સિસ્ટમ સક્રિય છે. તેને કારણે ઉત્તર, મધ્ય અને દક્ષિણ ગુજરાતમાં ભારેથી અતિ ભારે વરસાદ વરસી શકે છે. આ ત્રણ સિસ્ટમમાં મોનસુન ટ્રફ સાયક્લોનિક સર્ક્યુલેશન અને દક્ષિણ ગુજરાતથી ઉત્તર કેરળ સુધીનો ઓફ શોર ટ્રફ જવાબદાર રહેશે. તેને કારણે આગામી ૨૪ કલાક દરમિયાન ઉત્તર ગુજરાત અને પૂર્વ તરફ મધ્ય પ્રદેશ સાથે જોડાયેલા જિલ્લાઓમાં ભારે વરસાદની શક્યતાઓ છે. આ ઉપરાંત અમદાવાદ શહેરમાં પણ હળવાથી મધ્યમ વરસાદ વરસી શકે છે. હવામાન વિભાગની આગાહી અનુસાર આગામી ૨૪ કલાક દરમિયાન બનાસકાંઠા, સાબરકાંઠા, અરવલ્લી, મહીસાગર, દાહોદ અને નર્મદામાં ભારે વરસાદની આગાહીને પગલે યલો એલર્ટ તો છોટાઉદેપુરમાં અતિભારે વરસાદની શક્યતાને કારણે ઓરેન્જ એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે.

# નવરાત્રીમાં ખેલૈયા માટે પાટીદાર સમાજે નિયમો ઘડ્યા : આધારકાર્ડ વગર પ્રવેશબંધી

(એ.આર.એલ),રાજકોટ,તા.૧૧

નવરાત્રીમાં લવ જેહાદના કિસ્સાઓ સામે આવતા હોય છે, જેના કારણે અત્યારથી પાટીદાર સમાજ સતર્ક બની ગયો છે. રાજકોટના કડવા પાટીદાર સમાજના યુડી કલબના ગરબામાં ખૈલૈયાના પ્રવેશ માટે આધારકાર્ડ ફરજિયાત કરી દેવામાં આવ્યું છે. તમને જણાવી દઈએ કે રાજકોટમાં કડવા પાટીદાર સમાજ દર વર્ષે યુડી કલબના દાંડિયાનું આયોજન કરે છે. જેના કારણે નવરાત્રીમાં લવ જેહાદ રોકવા માટે રાજકોટમાં પ્રયાસ કરાયો છે.

કડવા પાટીદાર આગેવાન પુષ્કર પટેલ દ્વારા એક મોટું નિવેદન આપવામાં આવ્યું છે. નવરાત્રીમાં લવ જેહાદ રોકવા નિવેદન આપ્યું છે. જેમાં તેમણે સૂચવ્યું છે કે અર્વાચીન ગરબાના આયોજકોએ આધારકાર્ડ અને ફોટો લેવો જોઈએ, જેથી લવ જેહાદ જેવી ઘટનાઓ અંગે જાણકારી મળી શકે. યુડી કલબ દ્વારા નવરાત્રીના પાસ માટે આધારકાર્ડ લઈને જ પાસ ઈસ્યુ કરવામાં આવી રહ્યા છે.

ગુજરાતમાં નવરાત્રી દરમિયાન કોઈ લવ જેહાદના કિસ્સા ન બને તે માટે કડવા પાટીદાર સમાજના UD ક્લબના રાસ-ગરબાના આયોજકે કેટલાક નિયમો ઘડ્યાં છે. કડવા પાટીદાર સમાજના યુડી ક્લબના રાસ-ગરબાના આયોજકે ખેલૈયાની એન્ટ્રી માટે આધારકાર્ડ ફરજિયાત બનાવ્યું છે. આધારકાર્ડ વિના એન્ટ્રી કે ગરબાના પાસ નહિ મળી શકે. તમને જણાવી દઈએ કે દર વર્ષે કડવા પાટીદાર સમાજના UD ક્લબના રાસ-ગરબા યોજાય છે. આ વર્ષે પણ યુડી કલબ ગરબાનું આયોજન કરવા જઈ રહ્યું છે. પાટીદાર સમાજના નવરાત્રીને લઈને લેવામાં આવેલા આ નિર્ણય સાથે અન્ય અર્વાચીન ગરબા આયોજકો પણ જોડાયા છે.

# અમરેલી સિટી પોલીસ દ્વારા લોકોની ગુમ થયેલી વસ્તુઓને શોધીને પરત કરવામાં આવી



અમરેલી, તા.૧૧

ભાવનગર રેન્જ આઈ.જી.પી. ગૌતમ પરમાર દ્વારા રેન્જના તમામ જિલ્લાઓમાં વસ્તુઓ ગુમ થવાના બનાવોમાં સત્વરે તેને શોધીને મૂળ માલિકને પરત કરવા તથા 'તેરા તુજકો અર્પણ'' કાર્યક્રમ સાર્થક કરવા સૂચના આપવામાં આવી હતી. આ અનુસંધાને અમરેલી જિલ્લા પોલીસ અધિક્ષક હિમકર સિંહના માર્ગદર્શનમાં અમરેલી જિલ્લામાં કાર્યક્રમ યોજવા માટે અમરેલી ડિવિઝનના નાયબ પોલીસ અધિક્ષક ચિરાગ દેસાઈ દ્વારા જરૂરી સૂચના આપી હતી. જે અન્વયે અમરેલી સિટી પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેક્ટર કે.એલ.ખટાણાની રાહબરી હેઠળ અમરેલી સિટી પો.સ્ટે.ની અલગ-અલગ મિલકત ગુમની અરજીઓ અનુસંધાને પોલીસ સર્વેલન્સ ટીમ દ્વારા કમાન્ડ કંટ્રોલ સેન્ટર, નેત્રમ અમરેલીના પો.સ.ઈ. એચ.એલ.પાથર તથા ટીમના સહયોગથી સી.સી.ટી.વી. ફુટેજીસ જોઈ તેનો સઘન અભ્યાસ કરી ટેક્નિકલ સોર્સ તથા હ્યુમન સોર્સની મદદથી ગુમ થયેલ મિલકત શોધી મૂળ માલિકને પરત કરી તેરા તુજકો અર્પણ કાર્યક્રમ સાર્થક કરવામાં આવ્યો હતો. આ કાર્યક્રમ અંતર્ગત લોકોને તેમના રોકડ રકમ ભરેલ પર્સ, એન્ડ્રોઈડ મોબાઈલ ફોન જેવી વસ્તુઓ પરત કરવામાં આવી હતી. આ કામગીરી અમરેલી સિટી પોલીસ સ્ટેશનના ASI રમેશભાઈ નશાભાઈ માલકિયા, PC ચિંતનકુમાર કનૈયાલાલ મારૂ તથા PC વનરાજભાઈ વલકુભાઈ માંજરીયા દ્વારા કરવામાં આવી હતી.

**શાળાના આચાર્ય ચેતનભાઈ ગુજરીયાએ વિદ્યાર્થીઓને સ્વામી વિવેકાનંદના જીવન અને કાર્યોનો પરિચય આપ્યો**

# સા.કુંડલામાં કે.કે. હાઈસ્કૂલે ઉજવ્યો દિગ્વિજય દિવસ

સા.કુંડલા, તા.૧૧

શ્રી નૂતન કેળવણી મંડળ સંચાલિત કે.કે. હાઈસ્કૂલમાં આજે દિગ્વિજય દિવસની ભવ્ય ઉજવણી કરવામાં આવી. આ દિવસ સ્વામી વિવેકાનંદે ૧૮૯૩માં શિકાગોમાં યોજાયેલી વિશ્વ ધર્મ પરિષદમાં આપેલા ઐતિહાસિક ભાષણની યાદમાં ઉજવવામાં આવે છે. કાર્યક્રમમાં સ્વામી વિવેકાનંદ ગુજરાત રાજ્ય યુવા બોર્ડના રાજ્ય સંયોજક કૌશલભાઈ દવે,




ઝોન સંયોજક બ્રીજરાજસિંહ ગોહિલ અને અમરેલી જિલ્લા સંયોજક ચેતનભાઈ ધાનાણીના માર્ગદર્શન હેઠળ "સ્વામી વિવેકાનંદઃ યુગ પુરુષ" વિષય પર ઉદ્‌બોધન અને પ્રશ્નોત્તરી સત્ર યોજાયું. શાળાના આચાર્ય ચેતનભાઈ ગુજરીયાએ વિદ્યાર્થીઓને સ્વામી વિવેકાનંદના જીવન અને કાર્યોનો પરિચય આપ્યો. તેમણે વિદ્યાર્થીઓને જણાવ્યું કે સ્વામીજીએ વિશ્વ ધર્મ પરિષદમાં હિંદુ ધર્મ અને ભારતનું પ્રતિનિધિત્વ કરીને સહિષ્ણુતા અને સાર્વભૌમિક સ્વીકૃતિનો શક્તિશાળી સંદેશ આપ્યો હતો. કાર્યક્રમમાં શિક્ષક જયસિંહભાઈ સહિત અન્ય શિક્ષકો અને મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતા.

# વોલીબોલ સ્પર્ધામાં કોડીનાર સોમનાથ કોલેજની ટીમ વિજેતા બની



કોડીનાર, તા.૧૧

ભક્ત કવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી, આંતર કોલેજ વોલીબોલ ભાઈઓની સ્પર્ધા સૌરભ કોલેજ ગડુ ખાતે યોજાઈ હતી. જેમાં સોમનાથ આર્ટ્સ કોલેજ કોડીનારની ટીમ વિજેતા બની હતી. તમામ ખેલાડીઓને સંસ્થાના પ્રમુખ તેમજ સ્ટાફગણે બિરદાવ્યા હતા.

# રાજકોટમાં રૂ.૩ કરોડની ઠગાઈ મામલે ૪ સ્વામી સહિતની ટોળકી સામે ગુનો

**ગોવાથી ઝડપાયેલા બે આરોપીઓના ૭ દિવસના રિમાન્ડ મંજૂર**

રાજકોટ,તા.૧૧

રાજકોટના મવડી વિસ્તારમાં રહેતા એસ્ટેટ બ્રોકર ભાગીદારો સાથે જમીનમાં કમિશન અપાવવાના બહાને ૩ કરોડની ઠગાઈ કર્યાના બનાવમાં ૪ સ્વામી સહિતની ટોળકી વિરૂદ્ધ પોલીસે ગુનો નોંધ્યો હતો. જેમાં પોલીસે સુરતમાં રહેતા ચીટર ટોળકીના સાગરીત અને કામરેજના શિક્ષકોને ઝડપી લઈ ૪ દિવસના રિમાન્ડ મેળવી ફરાર સ્વામી સહિતની ટોળીને ઝડપી લેવા દોડધામ શરૂ કરી હતી. દરમિયાન રાજકોટ આર્થિક ગુના નિવારણ શાખાએ બાતમીના આધારે ભૂપેન્દ્ર પટેલ અને વિજયસિંહ ચૌહાણની ગોવાથી ધરપકડ કરી રાજકોટ લાવ્યા બાદ કોર્ટમાં રજૂ કરતાં કોર્ટે બંને આરોપીઓના ૭ દિવસના રિમાન્ડ મંજૂર કર્યા છે. જ્યારે ભૂગર્ભમાં રહેલા ચારેય સ્વામીની શોધખોળ હાથ ધરી છે.

# જાળીયા ગામે રૂ.૮ લાખના ખર્ચે આરસીસી રોડનું ખાતમુહૂર્ત કરતા ધારાસભ્ય કૌશિક વેકરીયા

અમરેલી, તા.૧૧

અમરેલી જિલ્લો પણ પ્રગતિના પંથે છે. અમરેલી-વડીયા-કુંકાવાવના ધારાસભ્ય અને વિધાનસભા નાયબ મુખ્ય દંડક કૌશિકભાઈ વેકરીયાના હસ્તે જાળીયા ગામે આશરે રુ.૮ લાખના ખર્ચે આર.સી.સી. રોડનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. ગામના મુખ્ય ચોક ખાતે ગ્રામજનોએ જોડાઈને આ



ગામના આ વિકાસકાર્યને વધાવ્યું હતું. આર.સી.સી. રોડ તૈયાર થતા જાળીયા ગામની પ્રાથમિક સુવિધામાં ઉમેરો થશે. આ પ્રસંગે નાયબ મુખ્ય દંડકે ગુણવત્તાયુક્ત કામ થાય તે સુનિશ્ચિત કરવા સૂચન કર્યુ હતું તેમજ બનતી ત્વરાએ કામગીરી પૂર્ણ કરવા જણાવ્યું હતું. કાર્યક્રમમાં જિલ્લા પંચાયત, તાલુકા પંચાયતના સભ્યો, ગામના સરપંચ અને ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

## -:: જાહેર નોટીસ ::-

આથી હું નીચે સહી કરનાર **એડવોકેટ એમ.જે.વ્યાસ** એ લાગતા વળગતા સર્વેને આ જાહેર નોટીસથી જાણ/તાકીદ કરૂ છું કે અમારા અસીલ ૧) **શ્રી ડોબરીયા અનીલભાઈ વિઠલભાઈ, રહે.સનાળીયા, તા.બગસરા, જી.અમરેલી, (૨) શ્રી ડોબરીયા અશોકભાઈ વિઠલભાઈ, રહે.સનાળીયા, તા.બગસરા, જી.અમરેલી,** વાળાની મિલ્કત અમરેલી જીલ્લાના બગસરા તાલુકાના શીલાણા ગામે ખાતા નંબર.૬૧ સર્વે નં.૧૦૪ હે.આરે.૨-૯૯-૪૭ ચો.મી. ખેતીની જમીન આવેલ છે જેનુ અમારા અસીલશ્રીએ વેચાણ કરેલ છે. જેથી આ ખેતીની જમીનનુ બાનાખત તથા રજીસ્ટર વેચાણ દસ્તાવેજ કરવાનો થાય છે.

સદરહું ખેતીની જમીનના ઉતરોતર અસલ દસ્તાવેજ રજી.વે.દ.અનુનં.૨૩૬ તા.૨૪/૦૧/૧૯૬૪ તથા રજી.વે.દ.અનુનં.૧૦૧૮ તા.૨૫/૦૫/૧૯૮૪ ગુમ થયેલ છે. જે અસલ દસ્તાવેજ જે કોઈ પાસે હોય તેઓએ દિન-૧૦ માં રજુ કરવાના રહેશે ત્યારબાદ કોઈનો વાંધો ગ્રાહયે રાખવામાં આવશે નહી.

ઉપરોક્ત મીલ્કતમાં કોઈ ઈસમ/વ્યક્તિ નું કે કોઈ નાણાકીય સંસ્થા કે સરકારી, સહકારી કે અર્ધસરકારી સંસ્થાઓનું હીત સમાયેલ હોય કે ઉપરોક્ત મીલ્કત કોઈની પાસે ગીરો થયેલ હોય કે તેના ઉપર બોજો કરવામાં આવેલ હોય કે કોઈ ઈસમ/વ્યક્તિ નો લાગ ભાગ હક્ક હિસ્સો હોય તો આ નોટીસ પ્રસીધ્ધ થયેથી **દિન-૧૦ (દસ)** માં લેખીતમાં આધાર પુરાવા સાથે નીચે જણાવેલ સરનામે રજી. પોષ્ટથી જણાવવું અન્યથા તે અંગે કોઈને વાંધો કે તકરાર નથી અને હોય તો તેઓએ સ્વેચ્છાએ જતો કરેલ છે. તેમ માની લેવામાં આવશે. ઉપરોક્ત સમય વિત્યા બાદ આ બાબતે કોઈ તકરાર ગ્રાહ્ય રહેશે નહી જેની લાગતા વળગતા સર્વેએ નોંધ લેવી.

**તા.-૧૧/૦૯/૨૦૨૪**
**સ્થળ:-બગસરા**

**એમ.જે.વ્યાસ-એડવોકેટ**
**હોસ્પિટલ રોડ- બગસરા**
**મો.૯૪૨૮૭ ૯૪૯૪૧**

# ગણેશ વિસર્જન વખતે ધોરાજીનો યુવક ભાદર નદીમાં ડૂબતા મોત

ધોરાજી,તા.૧૧

ધોરાજીના બહારપુરા વણકર વાસ વિસ્તારમાં ગણેશ વિસર્જનનો કાર્યક્રમ રાખેલો હોય આ સમયે મોટી સંખ્યામાં યુવાનો ગણેશજીની મૂર્તિનું વિસર્જન કરવા માટે ભાદર નદી ખાતે પહોંચ્યા હતા. ગણેશ વિસર્જન સમયે ભાદર નદીમાં પગ લપસતા હિરેન મુકેશભાઈ ભાસ્કર (ઉંમર વર્ષ ૨૫) નામનો યુવક ઉંડા પાણીમાં ગરકાવ થઈ ગયો હતો. હિરેન ભાસ્કર નામનો ધોરાજીનો યુવક ભાદર નદીમાં ડૂબી જતા તેમને બચાવવા માટે ધોરાજી નગરપાલિકા ફાયર ફાઈટર તેમજ તાલુકા પોલીસ સ્ટેશનના કર્મચારીઓ તેમજ મામલતદાર વગેરે તાત્કાલિક ઘટના સ્થળે પહોંચી ગયા હતા અને યુવાનને તરવૈયા દ્વારા બહાર કાઢીને ધોરાજી સિવિલ હોસ્પિટલ ખાતે લઈ જતા તબીબોએ મૃત જાહેર કરેલ હતો.



તસવીર : નયન કુહાડીયા

# ડોળાસા નજીકના સોનપરા ગામે અઢી વર્ષમાં ૫૦થી વધુ પરિવારોને પાકા મકાન મળ્યા

ડોળાસા, તા.૧૧

ગીર ગઢડા તાલુકાના સોનપરા ગામે છેલ્લા અઢી વર્ષ દરમ્યાન સત્યાવીસ પરિવારોને પ્રધાનમંત્રી આવાસ યોજના અને પંડિત દીન દયાળ આવાસ યોજના અંતર્ગત પાકા મકાનો સોંપી દેવાયા છે. બીજા અગિયાર મકાનનો વર્ક ઓર્ડર આવી ગયો છે અને ઓગણીસ મકાનની દરખાસ્ત સરકારમાં મોકલી અપાઈ છે. આમ સોનપરા ગામમાં ટૂંકા સમય દરમ્યાન આટલા ગરીબ પરિવારો પાકા મકાનનાં માલિક બનશે.



તસ્વીર : અનીલ કાનાબાર

# કોડીનારના હાર્દ સમા કોર્ટ કંપાઉન્ડમાં આવેલી જર્જરિત ઈમારતને તાત્કાલિક અસરથી ઉતારી લેવા સ્થાનિકોની ઉગ્ર માંગ

**મોટી દુર્ઘટના સર્જાય તે પહેલાં તંત્ર જાગે તો સારું**

કોડીનાર, તા.૧૧

ગીર સોમનાથના કોડીનારમાં સરકારી ઓફિસ અને કોર્ટ કમ્પાઉન્ડની વચ્ચે આવેલી ગાયકવાડ વખતની વર્ષો જૂની જર્જરિત ઈમારત પડે અને મોટી જાનહાનિ થાય તે પહેલા તંત્ર તાત્કાલિક આ બિલ્ડિંગ ઉતારી લે તેવી સ્થાનિકોમાં માંગ ઉઠવા પામી છે. આ વિશાળ બિલ્ડિંગમાં એક સમયે કોડીનાર મામલતદાર, સબ રજીસ્ટાર અને પોલીસ સ્ટેશન તમામ વિભાગો બેસતા હતા. સમય જતા બિલ્ડિંગ જર્જરિત થતાં તમામ વિભાગો અહીંથી ખસેડાયા છે.



તસવીર : કુલદીપ પાઠક

આ બિલ્ડિંગ અતિ જર્જરિત હાલતમાં પડવાના વાંકે ઊભું છે. આ ઈમારત હવે ગમે તે સમયે પડી શકે તેવી પૂર્ણ શક્યતાઓ છે ત્યારે આ જર્જરિત ઈમારતને જાનમાલની સલામતી માટે તાત્કાલિક તંત્ર દ્વારા ઉતારી લેવામાં આવે તેવી સ્થાનિકો માંગ કરી રહ્યા છે.

## -//એકિઝક્યુટિવ મેજિસ્ટ્રેટ, અમરેલી ગ્રામ્યની કોર્ટમાં, અમરેલી//-

અપીલ રજી.નં.૪૨/૨૦૨૪

**અરજદાર :-** શ્રી બાજરીયા અરવિંદભાઈ છગનભાઈ
રહે.સરંભડા, તા.જિ.અમરેલી

**-: વિરૂધ્ધ :-**

**સામાવાળા :-** જન્મ-મરણ નોંધણી અધિકારીશ્રી,
-વ-
તલાટી-કમ-મંત્રીશ્રી, ગ્રામ પંચાયત કચેરી,
મુ.સરંભડા, તા.જિ.અમરેલી.

**::જાહેર નોટીસ::**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી તાલુકાના સરંભડા ગામના બાજરીયા અરવિંદભાઈ છગનભાઈ તેઓના પિતાશ્રી છગનભાઈ લીંબાભાઈ બાજરીયાની મરણ તા.૧૨/૦૧/૨૦૨૦ના રોજ થયેલ હોવાની નોંધ કરાવવા તેઓએ અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાના જન્મ-મરણ રજીસ્ટરમાં નોંધ કરાવી આપવા સામે કોઈને પણ વાંધા તકરાર હોય તો તેમણે આ નોટીસ વર્તમાનપત્રમાં પ્રસિધ્ધ થયેથી એક માસમાં જાતે અથવા તેમના મુખત્યાર મારફત અત્રેની કોર્ટમાં વાંધા તકરાર સાથે હાજર રહેવુ. અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તા.૨૯/૦૮/૨૦૨૪ ના રોજ મારી સહી તથા કોર્ટના સિક્કા કરી આપ્યા.

(કોર્ટનો સિક્કો)

**સહી**
**એકિઝક્યુટિવ મેજિસ્ટ્રેટ**
**અમરેલી ગ્રામ્ય**

## મામલતદાર અને એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાવરકુંડલાની કોર્ટમાં

**જાહેર નોટીસ**

નં.જન્મ નોંધણી/અરજી નં.૧૩૨/૨૦૨૪

**અરજદારશ્રી:-** શ્રી બાવચંદભાઈ મનજીભાઈ નાકરાણી,
રે.શિવાજીનગર,સનરાઈઝ સ્કૂલ સામે, સાવરકુંડલા,
તા.સાવરકુંડલા, જિ.અમરેલી

**વિરૂધ્ધ**

**સામાવાળા:-** ૧. સાવરકુંડલા નગરપાલીકા, તા.સાવરકુંડલા

**જન્મ-મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ની કલમ-૧૩(૩) હેઠળની અરજી અન્વયે જન્મની નોંધ કરાવવા જાહેર નોટીસ**

આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારશ્રીના નાના બેન રામુબેન મનજીભાઈ નાકરાણીનો જન્મ તા.૦૧/૦૧/૧૯૪૭ના રોજ મુ.સાવરકુંડલા, તા.સાવરકુંડલા, જી.અમરેલી મુકામે થયેલ. પરંતુ, કાયદાની અજ્ઞાનતાના કારણે તેઓના જન્મની નોંધ ગ્રામ પંચાયતના રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોઈ, જન્મની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. તો સદર અરજીના અનુસંધાને જન્મની નોંધણી કરાવવા સામાવાળાને હુકમ કરવા સામે કોઈ ઈસમને વાંધો કે તકરાર હોઈ તો અત્રેની કોર્ટમાં નોટીસ પ્રસિધ્ધ થયા તારીખથી દિન-૩૦માં પોતે અથવા વકીલ મારફતે મામલતદાર અને એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટની કચેરી સાવરકુંડલા ખાતે જરુરી આધાર-પુરાવા સાથે વાંધો રજુ કરવો. જો ઉપર દર્શાવેલ સમયગાળામાં વાંધો નહી આવે તો આગળની ન્યાયીક કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની લાગતા વળગતા તમામ ઈસમોએ નોંધ લેવી.

આજ તા.૦૩/૦૯/૨૦૨૪ ના રોજ મારી સહી તથા કોર્ટનો સીકકો કરી આપ્યો.

**સહી,**
**મામલતદાર અને એકઝીક્યુટીવ મેજિસ્ટ્રેટ**
**સાવરકુંડલા**

ઈડીએ જેકેસીએ મની લોન્ડરિંગ કેસમાં શ્રીનગરની કોર્ટમાં અરજી દાખલ કરી

# જમ્મુ-કાશ્મીર ચૂંટણી પહેલા ફારુક અબ્દુલ્લાની મુશ્કેલી વધી, ઈડી નવા આરોપો સાથે કોર્ટમાં પહોંચ્યું



શ્રીનગર,તા.૧૧

જમ્મુ અને કાશ્મીરમાં યોજાનારી વિધાનસભાની ચૂંટણીઓ વચ્ચે પૂર્વ મુખ્યમંત્રી ફારુક અબ્દુલ્લાની મુશ્કેલીઓ વધી રહી છે, કારણ કે એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ઈડી) જેકેસીએ મની લોન્ડરિંગ કેસમાં કોર્ટમાં પહોંચી ગયું છે. ઈડીએ જેકેસીએ મની લોન્ડરિંગ કેસમાં શ્રીનગરની કોર્ટમાં અરજી દાખલ કરી છે, જેમાં ફારુક અબ્દુલ્લા અને અન્યો સામે બે નવા ફોજદારી આરોપો ઉમેરવાની વિનંતી કરવામાં આવી છે. ગયા મહિને જમ્મુ-કાશ્મીર હાઈકોર્ટે આ કેસને ફગાવી દીધો હતો.

સત્તાવાર સૂત્રોએ જણાવ્યું હતું કે એજન્સીએ તાજેતરમાં જમ્મુ અને કાશ્મીર ક્રિકેટ એસોસિએશનમાં કથિત નાણાકીય અનિયમિતતા સંબંધિત કેસમાં ભારતીય દંડ સંહિતાની કલમ ૪૧૧ (બેઈમાનીથી ચોરાયેલી મિલકત પ્રાપ્ત કરવી) હેઠળ મુખ્ય જિલ્લા અને સત્ર ન્યાયાધીશની કોર્ટમાં અરજી દાખલ કરી હતી. ફેડરલ એજન્સીએ આ પગલું એવા સમયે ઉઠાવ્યું છે જ્યારે જમ્મુ અને કાશ્મીર હાઈકોર્ટે ૧૪ ઓગસ્ટના રોજ ફારુક અબ્દુલ્લા અને કેટલાક અન્ય લોકો વિરુદ્ધ કેસ અને ચાર્જશીટને ફગાવી દીધી હતી.

ભારત સરકારે મંદિરના નિર્માણ માટે ટ્રસ્ટના બદલામાં એક રૂપિયો આપ્યો હતો

# રામ મંદિરના નિર્માણ માટે લાવવામાં આવેલી સામગ્રીમાંથી સરકારી તિજોરીમાં ૪૦૦ કરોડ રૂપિયા આવશે : ચંપત રાય



(એ.આર.એલ),ઈન્દોર,તા.૧૧

ઈન્દોરમાં એક કાર્યક્રમમાં રામ મંદિર જન્મભૂમિ તીર્થ ટ્રસ્ટ વિસ્તારના મહાસચિવ ચંપત રાયે મંદિરના નિર્માણમાં ખર્ચવામાં આવેલા નાણાં અંગે નિવેદન આપ્યું હતું. તેમણે કહ્યું કે અમે મંદિરમાં જરૂરી દરેક સામગ્રી માટે ચૂકવણી કરી છે.

શ્રી રામ જન્મભૂમિ તીર્થક્ષેત્ર ટ્રસ્ટના મહાસચિવ ચંપત રાયે ઉત્તર પ્રદેશના અયોધ્યામાં સ્થિત રામ મંદિરના નિર્માણ માટે જરૂરી સામગ્રીને લઈને મોટું નિવેદન આપ્યું છે. તેમણે કહ્યું કે અમે મંદિરના નિર્માણ માટે ઉપયોગમાં લેવાતી દરેક સામગ્રી માટે ચૂકવણી કરી છે. રામ મંદિરના નિર્માણ માટે લાવવામાં આવેલી સામગ્રીમાંથી સરકારને લગભગ ૪૦૦ કરોડ રૂપિયાનો GST મળશે. ચંપત રાયે મધ્યપ્રદેશના ઈન્દોરમાં આયોજિત એક કાર્યક્રમમાં આ માહિતી આપી હતી. ચંપત રાયે કહ્યું કે ૪૨ દિવસના લાંબા સમર્પણ અભિયાન દરમિયાન દેશના ૧૦ કરોડ લોકોએ ભગવાનમાં વિશ્વાસ દર્શાવ્યો અને મંદિરના નિર્માણ માટે પૈસા આપ્યા. લોકોએ ૪૨ દિવસમાં ૨૮૦૦ કરોડ રૂપિયાનું દાન કર્યું. લોકોએ મંદિરના નિર્માણમાં માત્ર મદદ જ નથી કરી પરંતુ સરકારને પણ સહકાર આપ્યો છે. લોકોએ આપેલા પૈસાથી મંદિરના નિર્માણ માટે સામગ્રી લાવવામાં આવી હતી. સરકારને તેમાંથી કરોડો રૂપિયા જીએસટીના રૂપમાં મળ્યા છે. તેમણે કહ્યું કે ભારત સરકારે મંદિરના નિર્માણ માટે ટ્રસ્ટના બદલામાં એક રૂપિયો આપ્યો હતો. જેને ફ્રેમ બનાવીને મંદિરના લોકરમાં રાખવામાં આવ્યો છે.

રિક્ટર સ્કેલ પર તેની તીવ્રતા ૫.૮ આંકવામાં આવી

# દિલ્હીથી લઈ પાકિસ્તાન સુધી ભૂકંપના આંચકા અનુભવાયા



નવીદિલ્હી,તા.૧૧

દિલ્હી એનસીઆરમાં ભૂકંપના આંચકા અનુભવાયા છે. પ્રાપ્ત માહિતી અનુસાર, આ આંચકા જમ્મુ-કાશ્મીર, હરિયાણા અને પંજાબમાં પણ અનુભવાયા હતા. ભૂકંપનું કેન્દ્ર અફઘાનિસ્તાન-પાકિસ્તાનમાં હોવાનું કહેવાય છે. રિક્ટર સ્કેલ પર તેની તીવ્રતા ૫.૮ આંકવામાં આવી છે. જ્યારે તેનું કેન્દ્રબિંદુ જમીનથી ૩૩ કિલોમીટર નીચે હોવાનું કહેવાય છે. તમને જણાવી દઈએ કે ભૂકંપ ટેક્ટોનિક મૂવમેન્ટના કારણે આવે છે. પૃથ્વીની અંદર કુલ સાત મુખ્ય ટેક્ટોનિક પ્લેટો છે. જે આખો સમય ફરતા રહે છે. જ્યારે આ પ્લેટો એકબીજા સાથે અથડાય છે, ત્યારે જમીન ઉપર ભૂકંપના આંચકા અનુભવાય છે.

થોડા દિવસ પહેલા જ દિલ્હી-એનસીઆરમાં ભૂકંપના આંચકા અનુભવાયા હતા. તે દરમિયાન અફઘાનિસ્તાનમાં એટલો જોરદાર ભૂકંપ આવ્યો કે દિલ્હી-એનસીઆરમાં પણ ધરતી ધ્રૂજી ગઈ. તે દરમિયાન ભૂકંપની તીવ્રતા રિક્ટર સ્કેલ પર ૫.૮ માપવામાં આવી હતી.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ દિલ્હીમાં ગ્રીન હાઇડ્રોજન પર આંતરરાષ્ટ્રીય પરિષદને સંબોધિત કરી

# ભારત સ્વચ્છ અને હરિયાળો ગ્રહ બનાવવા માટે પ્રતિબધ્ધ : મોદી

**ગ્રીન હાઇડ્રોજનના ઉત્પાદન, ઉપયોગ અને નિકાસ માટે ભારતને વૈશ્વિક હબ બનાવવા માંગીએ છીએ**



નવીદિલ્હી,તા.૧૧

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે દિલ્હીમાં ગ્રીન હાઈડ્રોજન પર આંતરરાષ્ટ્રીય પરિષદને સંબોધિત કરી હતી. આ દરમિયાન પીએમ મોદીએ કહ્યું, "દુનિયા નોંધપાત્ર પરિવર્તનમાંથી પસાર થઈ રહી છે. એક વિશાળ અનુભૂતિ થઈ રહી છે કે જળવાયુ પરિવર્તન માત્ર ભવિષ્યની બાબત નથી. જળવાયુ પરિવર્તનની અસર અહીં અને અત્યારે અનુભવાઈ રહી છે." આ દરમિયાન પીએમ મોદીએ કહ્યું કે કાર્યવાહીનો સમય આવી ગયો છે. ઉર્જા સંક્રમણ અને ટકાઉપણું વૈશ્વિક નીતિ ચર્ચામાં કેન્દ્રિય બની ગયા છે. ભારત સ્વચ્છ અને હરિયાળો ગ્રહ બનાવવા માટે પ્રતિબદ્ધ છે. ગ્રીન એનર્જી અંગેની અમારી પેરિસ પ્રતિબદ્ધતાઓને પૂર્ણ કરનાર G૨૦ દેશોમાં અમે પ્રથમ છીએ. આ પ્રતિબદ્ધતાઓ ૨૦૩૦ના લક્ષ્યાંક કરતાં નવ વર્ષ આગળ આવે છે. ભારતે છેલ્લા દસ વર્ષમાં બિન-અશ્મિભૂત ઈંધણ ક્ષમતામાં લગભગ ૩૦૦% વધારો કર્યો છે. આ જ સમયગાળામાં આપણી સૌર ઉર્જા ક્ષમતામાં ૩,૦૦૦% થી વધુનો વધારો થયો છે. પરંતુ, અમે આ સિદ્ધિઓ પર આરામ નથી કરી રહ્યા.

પીએમ મોદીએ કહ્યું, "અમે હાલના ઉકેલોને મજબૂત કરવા પર ધ્યાન કેન્દ્રિત કરી રહ્યા છીએ. અમે નવા અને નવીન ક્ષેત્રો પર પણ ધ્યાન આપી રહ્યા છીએ. આ તે છે જ્યાં ગ્રીન હાઈડ્રોજન ચિત્રમાં આવે છે. ગ્રીન હાઈડ્રોજન એ વિશ્વના ઉર્જા લેન્ડસ્કેપમાં એક આશાસ્પદ ઉમેરો છે જે ઉદ્યોગોને ડીકાર્બોનાઈઝ કરવામાં મદદ કરી શકે છે. રિફાઈનરી, સ્ટીલ, હેવી-ડ્યુટી ટ્રાન્સપોર્ટેશન અને અન્ય ઘણા બધા રિન્યુએબલ એનર્જીનો ઉપયોગ કરીને ભારતે ૨૦૨૩માં નેશનલ ગ્રીન હાઈડ્રોજન મિશન શરૂ કર્યું છે. અમે ગ્રીન હાઈડ્રોજનના ઉત્પાદન, ઉપયોગ અને નિકાસ માટે ભારતને વૈશ્વિક હબ બનાવવા માંગીએ છીએ.

અનામતને લગતા નિવેદનને લઈને રાહુલ ગાંધી પર નિશાન સાધ્યું

# રાહુલ ગાંધી રાષ્ટ્ર વિરોધી વાત અને દેશ તોડવાનો પ્રયાસ કરી રહ્યાં છે : અમિત શાહ

**રાહુલ ગાંધીએ અમેરિકામાં અનેક સ્થળોએ આયોજિત કાર્યક્રમોને સંબોધિત કર્યા હતા**



(એ.આર.એલ),નવીદિલ્હી,તા.૧૧

કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહે બુધવારે મુખ્ય વિપક્ષી પાર્ટી કોંગ્રેસ અને લોકસભામાં તેના નેતા, રાહુલ ગાંધી પર રાષ્ટ્રવિરોધી વાત કરવાનો અને દેશને તોડવાનો પ્રયાસ કરી રહેલી શક્તિઓ સાથે ઉભા રહેવાનો આરોપ લગાવ્યો. શાહે કહ્યું કે રાહુલ ગાંધીએ હંમેશા દેશની સુરક્ષાને જોખમમાં મૂકી છે. કેન્દ્રીય શાસક ભારતીય જનતા પાર્ટીના વરિષ્ઠ નેતા અમિત શાહે પણ અનામતને લગતા નિવેદનને લઈને રાહુલ ગાંધી પર નિશાન સાધ્યું છે.

ગૃહ પ્રધાન અમિત શાહે ભારપૂર્વક જણાવ્યું હતું કે જ્યાં સુધી તેમની પાર્ટી છે ત્યાં સુધી કોઈ અનામતને સ્પર્શી શકશે નહીં અને દેશની એકતા સાથે કોઈ ખેલ કરી શકશે નહીં. રાહુલ ગાંધી હાલ ચાર દિવસીય અમેરિકાના પ્રવાસે છે. આ દરમિયાન તેમણે જ્યોર્જટાઉન યુનિવર્સિટી અને વર્જિનિયાના હર્ન્ડન ટાઉનશિપ સહિત અનેક સ્થળોએ આયોજિત કાર્યક્રમોને સંબોધિત કર્યા હતા. આ દરમિયાન તેમણે ભારતમાં લોકશાહી અને ચૂંટણી સહિત અનેક મુદ્દાઓ પર પોતાના વિચારો વ્યક્ત કર્યા હતા. છેલ્લા કેટલાક દિવસોથી ભાજપના નેતાઓ તેમના નિવેદનોને ભારત વિરોધી ગણાવી રહ્યા છે અને તેમના પર પ્રહારો કરી રહ્યા છે.

મદરેસામાં ભણતો બાળક શાળાના મૂળભુત જ્ઞાનથી વંચિત રહે છે

# મદરેસાઓના શિક્ષકોમાં યોગ્ય તાલીમનો અભાવ : સુપ્રીમ કોર્ટમાં અરજી દાખલ



(એ.આર.એલ),નવીદિલ્હી,તા.૧૧

નેશનલ કમિશન ફોર પ્રોટેક્શન ઓફ ચાઈલ્ડ રાઈટ્સએ અલ્હાબાદ હાઈકોર્ટના ૨૨ માર્ચના નિર્ણયને પડકારતી અરજી પર સુપ્રીમ કોર્ટમાં એફિડેવિટ દાખલ કરી હતી. વાસ્તવમાં, હાઈકોર્ટે 'યુપી બોર્ડ ઓફ મદરેસા એજ્યુકેશન એક્ટ ૨૦૦૪'ને રદ કરી દીધો હતો. આ નિર્ણયને સુપ્રીમ કોર્ટમાં પડકારવામાં આવ્યો છે. વધુમાં જણાવ્યું હતું કે બાળકો માત્ર યોગ્ય શિક્ષણથી જ નહીં પરંતુ તંદુરસ્ત વાતાવરણ અને વિકાસની સારી તકોથી પણ વંચિત રહે છે. તેમને મધ્યાહન ભોજન, ગણવેશ અને પ્રશિક્ષિત શિક્ષકો જેવી સુવિધાઓ મળતી નથી. મદરેસાઓમાં ઘણા શિક્ષકો છે, જેમની નિમણૂક કુરાન અને ધાર્મિક ગ્રંથોના જ્ઞાનના આધારે કરવામાં આવે છે. તેઓએ પોતે શિક્ષક બનવા માટે જરૂરી તાલીમ લીધી નથી." આવી સંસ્થાઓ બિન-મુસ્લિમોને ઈસ્લામિક ધાર્મિક શિક્ષણ પણ પ્રદાન કરી રહી છે, જે ભારતના બંધારણની કલમ ૨૮ (૩) નું ઉલ્લંઘન છે," એફિડેવિટમાં જણાવ્યું હતું. મદરેસામાં શિક્ષણ મેળવનાર બાળક શાળામાં ભણાવવામાં આવતા અભ્યાસક્રમના મૂળભૂત જ્ઞાનથી વંચિત રહેશે. કમિશને કહ્યું કે મદરેસાઓ માત્ર શિક્ષણનું અસંતોષકારક અને અપૂરતું મોડલ જ પ્રદાન કરે છે, પરંતુ તેમની કામગીરીની પદ્ધતિ પણ મનસ્વી છે જેમાં શિક્ષણ અધિકાર અધિનિયમ, ૨૦૦૯ની કલમ ૨૯ હેઠળ નિર્ધારિત અભ્યાસક્રમ અને મૂલ્યાંકન પ્રક્રિયાનો સંપૂર્ણ અભાવ છે.

# બિહારમાં યુવકે તેની પત્ની, પુત્ર અને પુત્રીની નિર્મમ હત્યા કરી

(એ.આર.એલ),પટણા,તા.૧૧

બિહારના ભોજપુર જિલ્લાના અજીમાબાદ પોલીસ સ્ટેશન વિસ્તારના એક યુવકે પત્ની, પુત્રી અને પુત્રની હત્યા કરી નાખી. હત્યા કર્યા બાદ યુવકે તેના સાસરિયાઓને બોલાવીને કહ્યું કે તેણે ત્રણેયના જીવ લીધા છે, તેઓ આવીને મૃતદેહ લઈ જાય. જો કે આ ઘટનાનું કારણ હજુ સુધી બહાર આવ્યું નથી. પોલીસે આરોપીની ધરપકડ કરી પૂછપરછ હાથ ધરી છે. ફોરેન્સિક ટીમ ઘટના સ્થળે પહોંચી તપાસ કરી અને સ્થાનિક લોકોના નિવેદનો નોંધ્યા. મામલો અજીમાબાદ પોલીસ સ્ટેશન વિસ્તારના દૂધિયા ગામનો છે. જ્યાં માનસિક રીતે નબળા યુવકે તેના પરિવારના ત્રણ સભ્યોની હત્યા કરી હતી. યુવકે તેના પુત્ર, પુત્રી અને તેની પત્નીની હત્યા કરી હતી. હત્યા બાદ ત્રણેયના માથા કાપી નાંખવામાં આવ્યા હતા. આરોપીનું નામ લલ્લુ યાદવ હોવાનું કહેવાય છે જે માનસિક રીતે કમજોર છે. આ ઘટના મંગળવારે બપોરે બની હતી. ટ્રિપલ મર્ડરની માહિતી મળતાં જ પોલીસ ઘટનાસ્થળે પહોંચી હતી.

કેન્દ્રીય વિદેશ મંત્રી જર્મનીની મુલાકાતે પહોચ્યા

# ભારત-જર્મની વચ્ચે વૈશ્વિક પડકારો અને નવા દ્વિપક્ષીય સહયોગ માટે ચર્ચા થઈ

**વેપાર, સંરક્ષણ અને સુરક્ષા જેવા ક્ષેત્રોમાં ભારત-જર્મની વ્યૂહાત્મક ભાગીદારી વિશે વાત કરી**



(એ.આર.એલ),બર્લિન,તા.૧૧

કેન્દ્રીય વિદેશ મંત્રી એસ. જયશંકર જર્મનીની ત્રણ દિવસની મુલાકાતે છે. તેઓ જર્મન સંસદની વિદેશી બાબતોની સમિતિના અધ્યક્ષ માઈકલ રોથને મળ્યા. બંને વચ્ચે વર્તમાન વૈશ્વિક પડકારો અને નવા દ્વિપક્ષીય સહયોગ માટેની શક્યતાઓ પર ચર્ચા થઈ હતી. એસ.જયશંકર સાઉદી અરેબિયાથી જર્મની પહોંચ્યા હતા. જયશંકરે જર્મન સાંસદ સાથેની વાતચીત વિશે સોશિયલ મીડિયા પર માહિતી આપી હતી. "માઈકલ રોથને મળીને આનંદ થયો. અમે વર્તમાન વૈશ્વિક પડકારો અને ભારત અને જર્મની વચ્ચે નવા દ્વિપક્ષીય સહયોગ માટેની શક્યતાઓ વિશે વાત કરી, કેન્દ્રીય વિદેશ મંત્રીએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર કહ્યું. તેમણે મંગળવારે બર્લિનમાં આયોજિત મ્યુનિક સુરક્ષા પરિષદમાં વિદેશી બાબતો અને સુરક્ષા નિષ્ણાતો સાથે પણ વાતચીત કરી હતી. જયશંકરે કહ્યું કે આ કોન્ફરન્સમાં ભારત અને જર્મની વચ્ચે વ્યૂહાત્મક સમાનતા પર મંતવ્યોનું આદાનપ્રદાન કરવામાં આવ્યું હતું. તેઓ સંસદના સભ્યોને પણ મળ્યા હતા.

અગાઉ, જયશંકરે તેમના જર્મન સમકક્ષ અન્નાલેના બેરબોક સાથે વિસ્તૃત ચર્ચા કરી હતી. બંનેએ વેપાર, સંરક્ષણ અને સુરક્ષા જેવા ક્ષેત્રોમાં ભારત-જર્મની વ્યૂહાત્મક ભાગીદારી વિશે વાત કરી હતી.

# જમ્મુ-કાશ્મીરમાં વિધાનસભા ચૂંટણી પહેલા આતંકીઓ દ્વારા મોટા હુમલાની આશંકા

નવીદિલ્હી,તા.૧૧

જમ્મુ-કાશ્મીરમાં ૧૦ વર્ષ બાદ વિધાનસભાની ચૂંટણી યોજાઈ રહી છે. અહીં ત્રણ તબક્કામાં ૧૮ સપ્ટેમ્બર, ૨૫ સપ્ટેમ્બર અને ૧ ઓક્ટોબરે મતદાન થશે. ગુપ્તચર એજન્સીઓને ચૂંટણીને લઈને આતંકવાદી હુમલાના ઈનપુટ મળ્યા છે. ગુપ્તચર એજન્સીને રાજ્યના ઘણા ભાગોમાં આતંકવાદી હિલચાલની માહિતી મળી છે. જમ્મુ-કાશ્મીરની ચૂંટણી અને કૈલાશ કુંડ યાત્રા પર આતંકવાદનો પડછાયો પડવાની સંભાવના છે.

આતંકવાદીઓ સુરક્ષા દળો અને પોલીસની જગ્યાઓને પણ નિશાન બનાવી શકે છે. ઈનપુટ શેર કરતી વખતે, ગુપ્તચર એજન્સીઓએ કહ્યું કે AK ૪૭ શ્રેણીની રાઈફલ્સ અને હેન્ડ ગ્રેનેડથી સજ્જ આતંકવાદીઓ ચૂંટણીમાં મોટી તબાહી મચાવી શકે છે. રાજકીય પક્ષોના કાર્યકરોને નિશાન બનાવી શકાય છે. ગુપ્તચર એજન્સીએ આવા ૫ એલર્ટ શેર કર્યા છે.

રશિયાને ૩૦ થી વધુ ફ્લાઇટ્સ રદ કરવાની ફરજ પડી

# યુક્રેન મરણીયુ બન્યુ : રશિયાની રાજધાની મોસ્કો સહિત ૧૦ શહેરો પર ૧૪૦થી વધુ ડ્રોનથી હુમલો



(એ.આર.એલ),મોસ્કો,તા.૧૧

છેલ્લા અઢી વર્ષથી ચાલી રહેલા રશિયા સામેના યુદ્ધમાં યુક્રેને ગઈકાલે રાત્રે મોસ્કો પર સૌથી ગંભીર હુમલો કર્યો છે. યુક્રેને રશિયાની રાજધાની મોસ્કો સહિત અનેક વિસ્તારોને નિશાન બનાવીને રાતોરાત ૧૪૦ થી વધુ ડ્રોન લોન્ચ કર્યા છે. રશિયન અધિકારીઓએ મંગળવારે યુક્રેનિયન હુમલાની પુષ્ટિ કરી હતી. મોસ્કો પ્રદેશના ગવર્નર આન્દ્રે વોરોબ્યોવે જણાવ્યું હતું કે ડ્રોને મોસ્કો નજીક રામેન્સકોયે શહેરમાં બે બહુમાળી રહેણાંક ઈમારતોને નિશાન બનાવી હતી, જેના કારણે આગ લાગી હતી. તેમણે કહ્યું કે આ હુમલામાં એક મહિલાનું મોત થયું છે અને ત્રણ લોકો ઘાયલ થયા છે. વોરોબ્યોવે જણાવ્યું હતું કે ક્ષતિગ્રસ્ત ઈમારતોની નજીકની પાંચ રહેણાંક ઈમારતો ખાલી કરાવવામાં આવી હતી. આ હુમલાને કારણે સત્તાવાળાઓએ મોસ્કો નજીકના ત્રણ એરપોર્ટ – વનુકોવો, ડામોડેડોવો અને ઝુકોવસ્કીને અસ્થાયી રૂપે બંધ કરી દીધા. રશિયાની સિવિલ એવિએશન ઓથોરિટી, રોસાવિઆતસિયાના જણાવ્યા અનુસાર, કુલ ૪૮ ફ્લાઈટ્સ અન્ય એરપોર્ટ પર ડાયવર્ટ કરવામાં આવી હતી, જ્યારે ૩૦ થી વધુ ફ્લાઈટ્સ રદ કરવામાં આવી હતી. હુમલા બાદ એરપોર્ટની બહાર પાર્ક કરેલી બસમાં પણ આગ લાગી હતી.

બાંગ્લાદેશ ભારત સાથે સહકાર વધારવાની આશા રાખે છે : નાણા સલાહકાર

# મોહમ્મદ યુનુસ સરકારે સ્પષ્ટતા કરવાની ફરજ પડી : બાંગ્લાદેશમાં ભારતીય ભંડોળના પ્રોજેક્ટ ચાલુ રહેશે

**ભારત સાથે યોજાયેલી બેઠકમાં બંને પક્ષોની દ્વિપક્ષીય આર્થિક સહયોગ વધારવા પર ચર્ચા**



(એ.આર.એલ),ઢાકા,તા.૧૧

બાંગ્લાદેશની વચગાળાની સરકારના ટોચના સલાહકારે જણાવ્યું હતું કે ભારત દ્વારા ભંડોળ પૂરું પાડવામાં આવેલ પ્રોજેક્ટ "ખૂબ જ મહત્વપૂર્ણ" છે અને દેશમાં નવા વહીવટ હેઠળ ચાલુ રહેશે.

નાણા સલાહકાર સાલેહુદ્દીન અહેમદે જણાવ્યું હતું કે બાંગ્લાદેશ અહીં ભારતીય હાઈ કમિશનર પ્રણય વર્મા સાથેની તેમની મુલાકાત દરમિયાન ભારત સાથે "સહકાર વધારવા"ની આશા રાખે છે, એમ રાજ્ય સમાચાર એજન્સીએ અહેવાલ આપ્યો છે.

ભારતીય હાઈ કમિશનર વર્માએ કહ્યું કે નવી દિલ્હીએ બાંગ્લાદેશને તેની કોઈ ક્રેડિટ લાઈન બંધ કરી નથી કારણ કે તે મોટા પ્રોજેક્ટ છે. વર્માએ જણાવ્યું હતું કે, "તે પ્રોજેક્ટ્સ ચાલુ છે અને મૂળભૂત રીતે ખૂબ મોટા પ્રોજેક્ટ્સ છે અને અલગ-અલગ સ્થળોએ સ્થિત છે." તેથી, કોન્ટ્રાક્ટરો પ્રોજેક્ટ્સ શરૂ કરવા માટે પાછા આવશે.'' બેઠકમાં, બંને પક્ષોએ હાલના દ્વિપક્ષીય આર્થિક સહયોગને વધારવાની રીતો પર પણ ચર્ચા કરી.

# રાષ્ટ્રીય વન શહીદ દિવસે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે શહીદોને કર્યા શ્રદ્ધાસુમન અર્પણ

ગાંધીનગર,તા.૧૧



મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ૧૧મી સપ્ટેમ્બર, રાષ્ટ્રીય વન શહીદ દિવસે રાજ્યના પ્રથમ "વનપાલ સ્મારક" ખાતે જઈને વન શહીદોને શ્રદ્ધાસુમન અર્પણ કર્યા હતા. વન અને વન્યજીવોના સંરક્ષણ તેમજ સંવર્ધન દરમિયાન ફરજ બજાવતા શહીદ થયેલા વન વિભાગના વનરક્ષક, વનપાલ, પરિક્ષેત્ર વન અધિકારીઓ અને અન્ય ફ્રન્ટ લાઈન વન કર્મીઓની શહાદતના સન્માનમાં કેન્દ્ર સરકાર દ્વારા ૨૦૧૩થી દર વર્ષે ૧૧મી સપ્ટેમ્બરને રાષ્ટ્રીય વન શહીદ દિવસ તરીકે ઉજવવામાં આવે છે. ગુજરાત રાજ્યમાં આવી શહાદતને વરેલા નવ જેટલા વન શહીદો પ્રત્યે કૃતજ્ઞતા વ્યક્ત કરી તેમને ભાવાંજલિ અર્પણ કરવા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ ગાંધીનગરમાં સેક્ટર ૩૦માં વન ચેતના કેન્દ્ર ખાતે રાજ્યના પ્રથમ "વનપાલ સ્મારક" પહોચ્યા હતા. તેમણે વનમંત્રી મૂળુભાઈ બેરા તથા રાજ્યમંત્રી શ્રી મુકેશભાઈ પટેલ સાથે વન શહીદ વીરોને ભાવપૂર્વક અંજલી આપીને બે મિનિટનું મૌન પાળી યથોચિત સન્માન આપ્યુ હતું.

# ત્રીજી વખત પ્રધાનમંત્રી બન્યા બાદ મોદી પ્રથમવાર ગુજરાત આવશે

**૧૫ સપ્ટેમ્બરે તેઓ ગાંધીનગરમાં રાત્રિ રોકાણ કરશે, ૧ લાખથી વધુ કાર્યકરો સ્વાગત કરશે**

(એ.આર.એલ),અમદાવાદ,તા.૧૧



ત્રીજી વખત વડાપ્રધાન બન્યા બાદ નરેન્દ્ર મોદી પહેલીવાર ગુજરાતની મુલાકાતે આવશે, નરેન્દ્ર મોદીના ગુજરાત પ્રવાસની તૈયારીઓ શરૂ થઈ ગઈ છે. અમદાવાદમાં પીએમ મોદી જીએમડીસીમાં સભા કરશે અને જીએમડીસીમાં મોટો વોટરપ્રૂફ ડોમ તૈયાર કરવામાં આવ્યો છે. એક લાખથી વધુ કાર્યકરો વડાપ્રધાનનું સ્વાગત કરશે. તેમજ બનાસકાંઠામાં બે અલગ-અલગ કાર્યક્રમો યોજાશે અને વડાપ્રધાન ગાંધીનગર મેટ્રો ટ્રેનનું ઉદ્‌ઘાટન કરશે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદી ૧૬ સપ્ટેમ્બરે ગાંધીનગરમાં અમદાવાદ-ગાંધીનગર મેટ્રો રેલ સેવાનું ઉદ્‌ઘાટન કરવા જઈ રહ્યા છે. તેઓ ગાંધીનગરના સેક્ટર-૧ મેટ્રો સ્ટેશનથી ગિફ્ટ સિટી સુધી મેટ્રો રેલ દ્વારા મુસાફરી કરશે. રસ્તામાં, તે રાયસન મેટ્રો સ્ટેશન પર પણ રોકાઈ શકે છે અને નાગરિકો સાથે વાતચીત કરી શકે છે. ૧૫ સપ્ટેમ્બરે તેઓ ગાંધીનગરમાં રાત્રિ રોકાણ કરશે. તેઓ ૧૬ સપ્ટેમ્બરે મહાત્મા મંદિર ખાતે યોજાનાર ગ્લોબલ રિન્યુએબલ એનર્જી પ્રોગ્રામમાં પણ હાજર રહેશે. બપોરે ૧.૩૦ વાગ્યે તેઓ સેક્ટર-૧ મેટ્રો સ્ટેશન પહોંચશે, જ્યાં મેટ્રો પ્રોજેક્ટનું નિરીક્ષણ કર્યા બાદ તેઓ લીલી ઝંડી આપીને મેટ્રો સેવા શરૂ કરશે.

આ મેટ્રો સેવા મોટેરા નરેન્દ્ર મોદી સ્ટેડિયમથી ગાંધીનગરના સેક્ટર-૧ અને ગિફ્ટ સિટી સુધી ચાલશે, જેના કારણે સમયની બચત થશે અને બંને શહેરો વચ્ચેની મુસાફરીમાં સુવિધામાં વધારો થશે. મોદીની આ મુલાકાતને લઈને ગાંધીનગર અને અમદાવાદમાં સુરક્ષા વ્યવસ્થા ખૂબ જ ચુસ્ત બનાવવામાં આવી છે. વડાપ્રધાનની મુલાકાતને લઈને કેન્દ્રીય સુરક્ષા એજન્સીઓ એલર્ટ પર છે અને સ્થાનિક પોલીસ અધિકારીઓ સાથે સતત સંપર્કમાં છે. એસઓજીની સાથે ક્રાઈમ બ્રાંચની ટીમો પણ એલર્ટ પર છે.

# પાટણની નદીમાં ૭ લોકો ડૂબ્યા : ત્રણનો બચાવ, એકનું મોત, અન્યની શોધખોળ

પાટણ,તા.૧૧

પાટણની સરસ્વતી નદીમાં ગણેશ વિસર્જન માટે આવેલા પાટણ શહેરના વેરાઈ ચકલા વિસ્તારમાં રહેતા પ્રજાપતિ પરિવારના સાત સભ્યો પાણીમાં ગરક થયા હોવાની ઘટના સર્જાઈ છે. ગણેશ વિસર્જન દરમિયાન દુર્ઘટના સર્જાઈ હતી. તરવૈયાઓએ ત્રણને બચાવી લીધા હતા. જ્યારે એક યુવકનો મૃતદેહ હાથ લાગ્યો છે. અન્યની શોધખોળ હાથ ધરવામાં આવી છે. આ ઘટનાની જાણ પાટણના ધારાસભ્ય ડોક્ટર કિરીટ પટેલ સહિત પ્રાંત અધિકારી, તેમજ સરસ્વતી મામલતદાર સહિતનાઓ તાત્કાલિક ઘટના સ્થળે દોડી આવ્યા હતા અને રાહત બચાવ માટે તરવૈયાઓની ટીમોને કામે લગાડી હતી. સ્થળ પર પાટણ શહેર સહિત આજુબાજુના તાલુકા વિસ્તારમાંથી આઠ જેટલી ૧૦૮ એમ્બ્યુલન્સને તૈનાત કરવામાં આવી હતી. બનાવને પગલે સરસ્વતી પોલીસ કાફલો પણ ઘટના સ્થળે દોડી આવ્યો હતો. તાત્કાલિક રાહત કામગીરી હાથ ધરી હતી. જેમાં સાત પૈકી ત્રણ લોકોને બચાવી લેવામાં આવ્યા છે. એક યુવાનની લાશ બહાર કાઢવામાં આવી છે. હજુ પણ ત્રણ લોકો પાણીમાં ગરકાવ થયા હોય તેઓની શોધખોળ ચાલી રહી હોવાનું પ્રાંત અધિકારી મિતુલ પટેલે જણાવ્યું હતું. પાટણના ધારાસભ્ય કિરિટ પટેલે જણાવ્યું હતું કે, ગણેશ વિસર્જન વખતે સરસ્વતી ડેમમાં પ્રજાપતિ પરિવારના લોકો ડૂબ્યા છે. જેમાંથી ત્રણ લોકોને બચાવી લેવાયા છે, હજી કેટલા લોકો ડૂબેલા છે એની ચોક્કસ માહિતી નથી, હાલ તેઓને બહાર કાઢવાની કામગીરી ચાલુ છે.

# કચ્છના લખપત અને અબડાસામાં ૬ દિવસમાં ૧૬ લોકોના મોતથી હડકંપ

**તાવ આવે તો તાત્કાલિક આરોગ્ય કેન્દ્રમાં તપાસ કરાવો : આરોગ્ય મંત્રી**

ભુજ,તા.૧૧



કચ્છના લખપત અને અબડાસા તાલુકામાં ૬ દિવસમાં ૧૬ લોકોના શંકાસ્પદ મોત થતાં આરોગ્ય વિભાગમાં દોડધામ મચી છે. તાવ, શરદી-ઉધરસ ને થોડા જ દિવસોમાં ન્યુમોનિયા, શ્વાસ લેવાની તકલીફ અને મલ્ટિ ઓર્ગન ફેલ્યોર બાદ દર્દીનું મોત નીપજે છે. જો કે ૬ દિવસ છતાં મોત રોકવાનું તો દૂર આરોગ્ય વિભાગ બીમારી પણ પકડી શકતું નથી. ત્યારે આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલે સ્થળ મુલાકાત લઈને લોકોને તકેદારી રાખવા અપીલ કરી છે. આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલ જણાવ્યું હતું કે, તારીખ ત્રણથી ૧૦ સુધીમાં ૧૬ જેટલા મોત થયા છે. જેમાં પાંચ જેટલા હાર્ટ એટેક અને કેન્સરથી થયા છે. બાકીના ૧૧ જેટલા તાવના લીધે થયા છે. આ તાવની શરૂઆતમાં પાંચ દિવસમાં સારવાર કરાવીએ તો રિઝલ્ટ મળે છે, પણ મોડુ થાય તો પછી મોત થઈ શકે છે. તો મારી એક જ વિનંતી છે કે, જો તમને તાવ આવે તો જલ્દીથી નજીકના આરોગ્ય કેન્દ્રમાં તપાસ કરાવો. જેથી આપણે આ પ્રકારની પરિસ્થિતિ ટાળી શકીએ છીએ.

# કચ્છમાં રોગચાળાના કારણે ૧૬ મોત, છતાં ભાજપ સરકાર સભ્યો બનાવવામાં વ્યસ્ત, વિપક્ષનો સણસણતો આક્ષેપ

(એ.આર.એલ),ગાંધીનગર,તા.૧૧



કચ્છમાં રોગચાળાએ હાહાકાર મચાવ્યો છે. ભેદી બીમારીથી થયેલા મોતનો આંકડો ૧૬ પર પહોંચ્યો છે. કચ્છમાં ભેદી બીમારીએ લખપત અને અબડાસામાં કહેર મચાવ્યો છે. કચ્છમાં આવેલા ભારે વરસાદને કારણે ભેદી તાવનો રોગ ફેલાયો છે. એક બાજુ રાજ્યમાં વરસાદને કારણે પૂરની સ્થિતિ અને બીજી બાજુ કચ્છમાં રોગચાળાના કારણે ૧૬ મોત છતાં ભાજપ સરકાર સભ્યો બનાવવામાં વ્યસ્ત હોવાનો વિપક્ષ કોંગ્રેસે આક્ષેપ કર્યો છે.

કોંગ્રેસ ધારાસભ્ય દળના નેતા અમિત ચાવડાએ કચ્છમાં ફેલાયેલા રોગચાળા અંગે સરકાર પર આકરા પ્રહાર કર્યા છે. અમિત ચાવડાએ કહ્યું કે, એક બાજુ કચ્છમાં જ્યારે રોગચાળાને કારણે લોકો મરી રહ્યા છે અને બીજી બાજુ સરકાર ભાજપના સદસ્યતા અભિયાનમાં જોડાઈ છે. ભાજપના વધુ સભ્ય બનાવવામાં સરકાર વ્યસ્ત છે. ભાજપ સરકારને લોકોના મોતની ચિંતા નથી. બીજા રાજ્યોમાં ચૂંટણી જવાબદારી મંત્રીઓની પ્રાથમિકતા બની છે. બીજી તરફ કચ્છમાં લોકો મરી રહ્યા છે, તેની ચિંતા સરકારને નથી.

# નવરાત્રીમાં વિધર્મીઓને ગરબામાં પ્રવેશ પર રોક લગાડો : વિ.હિ.પ.

રાજકોટ,તા.૧૧

સુરતમાં ગણેશ પંડાલ પર થયેલા હુમલાને રાજકોટ આવેલા વિશ્વ હિન્દુ પરિષદના અખિલ ભારતીય સંગઠન મહામંત્રી મિલિન્દ પરાંડેએ વખોડી કાઢ્યો હતો. તેઓએ કહ્યું કે, આ પ્રકારની હિંસાને કચડી નાખવી જોઈએ. સરકાર પાસેથી હિન્દુ મંદિરોનું સંચાલન પરત હિન્દુ સંગઠનોને સોંપવાની અમારી માંગ છે. કારણ કે, એક પણ મસ્જિદ કે ચર્ચનું સંચાલન સરકાર પાસે નથી. જ્યારે આગામી નવરાત્રીમાં વિધર્મીઓને ગરબામાં એન્ટ્રી ન આપવાનું આયોજકોને આહ્‌વાન કરું છું. ધર્માંતરણ કરાવનારા સામે પગલાં લેવાં જોઈએ. મિલિન્દ પરાંડેએ વધુમાં જણાવ્યું હતું કે, ગણેશ ઉત્સવ એ રાષ્ટ્રીય લોકપ્રિય ઉત્સવ છે. જેમાં વધતી જતી હિંસા છે તેને કઠોરતાથી દૂર કરવી જોઈએ. આ લોકો બીજી વખત આવું કૃત્ય ન કરે તેવી કડક સજા કરવી જોઈએ. રાજ્ય સરકારે આવો જ વ્યવહાર કર્યો છે તે સારી વાત છે. પરંતુ અન્ય જગ્યાએ પણ આ પ્રકારે જ સમાજ સામે જે હિંસા કરે છે તેની સામે કઠોર પગલાં લેવાં જોઈએ.

# ભરૂચમાં ધાર્મિક તહેવારોના ઝંડા લગાવવા બાબતે બે કોમના લોકો વચ્ચે પથ્થરમારો

(એ.આર.એલ),ભરૂચ,તા.૧૧



સુરત બાદ ભરૂચમાં કોમી તંગદિલી સર્જાઈ. ભરૂચમાં બે કોમના ટોળા સામ-સામે આવી ગયા. એક કોમના ટોળાએ પથ્થરમારો કરતા વાહનોમાં મોટાપાયે તોડફોડ કરી નુકસાન પહોચાડ્યું. આ બનાવ બી ડિવિઝન પોલીસ સ્ટેશન વિસ્તારમાં બનવા પામ્યો. ભરૂચમાં ધાર્મિક તહેવારોના ઝંડા લગાવવા બબાલ થતા બે કોમના લોકો વચ્ચે મોટો ઝગડો થયો. બે કોમ વચ્ચે મોટો હંગામો થતા મામલો થાળે પાડવા પોલીસ ઘટના સ્થળે દોડી ગઈ. એસપીની તાત્કાલિક કામગીરીથી સ્થિતિને કાબૂમાં કરવામાં આવી. અત્યારે દેશભરમાં ગણેશ ઉત્સવનો તહેવાર ચાલી રહ્યો છે ત્યારે અસામાજિક તત્વો દ્વારા વાતાવરણ ડહોળવાના પ્રયાસો થઈ રહ્યા છે. સુરતમાં કિશોરો દ્વારા ગણેશના પંડાલમાં પથ્થરમારો કરવાની ઘટના બની હતી તેના થોડા જ દિવસોમાં ભરૂચમાં બે કોમ વચ્ચે સામાન્ય બાબતે બોલાચાલી બાદ મોટો ઝગડો થતા પથ્થરમારો કરી વાહનોને નુકસાન પહોચાડવામાં આવ્યું.

# અમરેલી જિલ્લાના ચાર તાલુકાઓમાં જોરદાર વરસાદી ઝાંપટાથી ઠંડક પ્રસરી



અમરેલી,તા.૧૧

અમરેલી જિલ્લામાં સતત બીજા દિવસે જોરદાર વરસાદી ઝાંપટા પડ્યા હતા. આખો દિવસ ભારે ગરમી બાદ જિલ્લાના સાવરકુંડલા, વિજપડી અને ગાધકડા ગામમાં બપોર બાદ સતત ત્રણ કલાક વરસાદ વરસ્યો હતો. તો બગસરામાં ૮ મીમી, ધારીમાં ૫ મીમી અને જાફરાબાદમાં ૧ મીમી વરસાદ પડ્યો હતો. વરસાદને કારણે વાતાવરણ ઠંડુબોળ થઈ ગયુ હતું. મોલાતને ઉપયોગી વરસાદ પડતા ખેડૂતોમાં ખુશી વ્યાપી હતી.

# સુરતમાં વરિયાવી બજારમાં અસામાજિક તત્ત્વોનો ફરી કાંકરીચાળો, કાંદા-બટાકા ફેંકાયા

(એ.આર.એલ),સુરત,તા.૧૧



સુરતમાં વરિયાવી બજારમાં અસામાજિક તત્ત્વો દ્વારા ફરી કાંકરીચાળો કરાયો. સૈયદપુરા બાદ વરિયાવી બજારમાં આવેલ ગણપતિ મંડપ પર કાંદા અને બટાકા ફેંકવામાં આવ્યા. શહેરમાં ૮ સપ્ટેમ્પરના રોજ ગણપતિ પંડાલ પર સગીરો દ્વારા પથ્થરમારો કરાયો હતો. હવે શહેરમાં ફરી એકવાર અસામાજિક તત્ત્વો દ્વારા વાતાવરણ ડહોળવાનો પ્રયાસ કરવામાં આવ્યો. શહેરમાં વરિયાવી વિસ્તારમાં ગણપતિ મંડપ પર કાંદા બટાકા ફેંકવામાં આવ્યા. અસામાજિક તત્ત્વોનો આતંક વધી રહ્યો છે. ખાસ કરીને અત્યારે ગણેશ ઉત્સવનો તહેવાર ચાલી રહ્યો છે ત્યારે લોકોને ડરાવવા ગણેશ પંડાલને નિશાન બનાવવામાં આવી રહ્યા છે. ૫ દિવસની અંદર શહેરમાં વધુ એક ગણેશ મંડપને નિશાન બનાવતા સ્થાનિક લોકોમાં ભય ફેલાયો. જો કે આ બનાવ બાદ વરિયાવી બજારમાં ગણેશ મંડપ પાસે ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવાયો છે. પરંતુ તહેવાર દરમ્યાન અસામાજિક તત્ત્વો દ્વારા થતી વારંવાર આવી હેરાનગતિને લઈને શહેરના અન્ય વિસ્તારમાં આવેલ ગણેશ પંડાલમાં ચુસ્ત વ્યવસ્થા તૈનાત કરવાને લઈને માંગ કરવામાં આવી છે.

# ભાદરવી પૂનમના મેળામાં પદયાત્રિકો માટે અંબાજી મંદિરમાં ૩.૨૫ લાખ કિલો મોહનથાળનો પ્રસાદ

(એ.આર.એલ),અંબાજી,તા.૧૧

શક્તિપીઠ યાત્રાધામ અંબાજીમાં ભાદરવી પૂનમ મહા મેળામાં પદયાત્રિકો માટે અંબાજી મંદિર ૩ લાખ ૨૫ હજાર કિલો મોહનથાળનો પ્રસાદ બનાવી રહ્યું છે. ભાદરવી પૂનમના મેળાને હવે ગણતરીના દિવસો બાકી રહ્યા છે ત્યારે યાત્રાધામ અંબાજીમાં આવતા લાખો શ્રદ્ધાળુ માતાજીના મોહનથાળ પ્રસાદનું મહત્વ છે કે જે યાત્રિકો અંબાજી આવી શકતા નથી તેમના માટે મોહનથાળનો પ્રસાદ માતાજીના દર્શન બરાબર હોય છે અને માતાજીના દર્શને આવેલા યાત્રિકો અચૂક મા અંબેના મોહનથાળનો પ્રસાદ સાથે લઈ જતા હોય છે. અંબાજી આવતા આ લાખો પદયાત્રીઓની પ્રસાદની માંગ સંતોષવા માટે અંબાજી મંદિર દેવસ્થાન ટ્રસ્ટ દ્વારા આજથી મોહનથાળનો પ્રસાદ બનાવવાની કામગીરીનો પ્રારંભ કર્યો છે.






# અમદાવાદમાં પ્રેમિકાના પતિ સહિત બેને મોતને ઘાટ ઉતારનારને ફાંસીની સજા

અમદાવાદ,તા.૧૧



વર્ષ ૨૦૧૭માં અમદાવાદમાં હોસ્પિટલના કમ્પાઉન્ડર બળદેવ ઠાકોર નામના શખ્સે પ્રેમિકાના પતિ અને સાસુને માથામાં કુહાડીના ઘા મારી પતાવી દીધા હતા. આથી આરોપી બળદેવ ઠાકોર સામે ઓઢવ પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધાયો હતો. આ મામલે આરોપી પર અમદાવાદ સિટી સિવિલ સેશન્સ કોર્ટમાં ટ્રાયલ ચાલી હતી. આ કેસમાં ૩૮ સાક્ષી અને ૩૮ પુરાવા તપાસીને એડિશનલ સેશન્સ જજ ભરત જાદવે આરોપીને ફાંસીની સજા ફટકારી હતી. આ કેસને વિગતે જોતા ફરિયાદીએ પોતાના એક સગાને ઓઢવ ખાતે આવેલું પોતાનું મકાન ભાડે આપ્યું હતું. આ ભાડુઆતે છૂટાછેડા લીધેલી એક ૨૬ વર્ષીય યુવતી સાથે લગ્ન કર્યા હતા. આ યુવતીને અગાઉના લગ્નથી એક પુત્રી પણ હતી. આ યુવતી પોતાના સાસુની દવા લેવા માટે તેમની સાથે એક હોસ્પિટલમાં જતી હતી.

જ્યાં કમ્પાઉન્ડર તરીકે કામ કરતા આરોપી બળદેવ ઠાકોર સાથે યુવતીને પ્રેમ સંબંધ બંધાઈ ગયો હતો. ત્યારબાદ બંને વચ્ચે અનૈતિક સંબંધો અને શરીર સંબંધો બંધાવા માંડ્યા હતા. જેની જાણ તેના પતિ અને સાસુને થતા ઘરમાં ઝઘડા થતા હતા. આથી યુવતીને તેના પતિ અને સાસુએ તેની દીકરી સાથે વતન મહારાષ્ટ્ર મોકલી દીધી હતી. આ વાતથી ઉશ્કેરાયેલા તેના પ્રેમી બળદેવ ઠાકોરે ઘરમાં પ્રવેશીને પહેલા પોતાની પ્રેમિકાની સાસુ અને ત્યારબાદ તેના પતિના માથામાં કુહાડીના ઘા મારીને તેમની હત્યા કરી નાખી હતી.


